Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
# સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
Year: 6, Issue:211 Dt.18-06-2021 (Friday)
તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

### અમેરિકાની ડેટા ઈન્ટેલિજન્સ ફર્મ 'મોર્નિંગ કન્સલ્ટ'ના સર્વેમાં

# નરેન્દ્ર મોદી વૈશ્વિક નેતાઓની તુલનામાં આગળ



### ડેટા અનુસાર કોરોના કાળમાં પણ મોદી અમેરિકા, બ્રિટન, રશિયા, ઓસ્ટ્રેલિયા, કેનેડા, બ્રાઝીલ, ફ્રાન્સ અને જર્મની સહિત ૧૩ દેશોના નેતા કરતા આગળ છે

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી તા.૧૮

પશ્ચિમ બંગાળમાં કારમી હાર સહિતના અન્ય કારણોથી ભલે એમ લાગતુ હોય દેશમાં મોદી મેજીકને અસર થઈ છે પરંતુ દુનિયામાં મોદીનો જાદુ હજુ યથાવત જ છે. તે હજુ પણદુનિયામાં સૌથી વધુ સ્વીકાર્ય નેતા છે, મહાસતાના નેતાઓ આ મામલે મોદીથી પાછળ છે.

અમેરિકી ડેટા ઈન્ટેલીજન્સ ફર્મ મોર્નિંગ કન્સલ્ટ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણ અનુસાર, સ્વીકાર્યતાના મામલામાં નરેન્દ્ર મોદી હજુ પણ અન્ય વૈશ્વિક નેતાઓની તુલનામાં આગળ ચાલી રહ્યા છે. વડાપ્રધાન મોદીની ગ્લોબલ એપ્રુવલ રેટીંગ ૬૬ ટકા છે. ડેટા અનુસાર કોરોના કાળમાં પણ મોદી અમેરિકા, બ્રિટન, રશિયા, ઓસ્ટ્રેલીયા, કેનેડા, બ્રાઝીલ, ફ્રાન્સ અને જર્મની સહિત ૧૩ દેશોના નેતા કરતા આગળ છે.

સર્વેક્ષણ અનુસાર કોરોનાની બીજી લહેરમાં મોદીની

(અનુ.પાના નં.૪ ઉપર)

# પાણીમાં હવે કોરોના વાઈરસ!

### અમદાવાદની સાબરમતી નદી, કાંકરિયા અને ચંડોળા તળાવમાંથી કોરોના વાઈરસ મળી આવ્યા

**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૧૮

દેશમાં બીજી લહેરમાં કોરોનાના વધુ કેસોમાં ગુજરાતમાં અમદાવાદ શહેરમાં સૌથી વધુ કેસો જોવા મળ્યા હતા. અત્યાર સુધીમાં દેશના અનેક શહેરોની સુએજ લાઈનમાં જીવિત કોરોના વાયરસ મળવાની પૃષ્ટિ થઈ ચુકી છે. પરંતુ હવે પાણીમાં પણ કોરોના વાઇરસ હોવાની પુષ્ટિ થઈ છે. અમદાવાદની સાબરમતી નદી, કાંકરિયા તળાવ અને ચંડોળા તળાવમાંથી કોરોના વાઇરસ મળી આવ્યો છે. ત્રણેયના પાણીના સેમ્પલ લેવામાં આવ્યા હતા અને તમામ સેમ્પલ્સ સંક્રમિત જણાયા છે. ચાર મહિનામાં ૧૬ જેટલા સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાં ૫ જેટલા સેમ્પલ પોઝિટિવ જણાયા હતા.

IIT ગાંધીનગર સહિત દેશની ૮ સંસ્થાઓએ સાથે મળીને આ અભ્યાસ કર્યો હતો. તેમાં નવી દિલ્હી ખાતે આવેલી જેએનયુની સ્કુલ ઓફ એનવાયરમેન્ટલ સાયન્સીઝના સંશોધકોનો પણ સમાવેશ થાય છે.આસામના ગુવાહાટી ક્ષેત્રમાં નદીઓની તપાસ કરી તો ત્યાં પણ ભારૂ નદીમાંથી લેવામાં આવેલું એક સેમ્પલ કોરોના સંક્રમિત આવ્યું છે. સુએજ સેમ્પલ લઈને કરવામાં આવેલી તપાસ દરમિયાન કોરોના વાયરસની ઉપસ્થિતિ અંગે જાણ થઈ હતી.

આ અભ્યાસ બાદ પ્રાકૃતિક જળ સ્ત્રોત અંગે તપાસ કરવા ફરી અભ્યાસ શરૂ કરવામાં આવ્યો હતો. અમદાવાદમાં સૌથી વધારે વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ છે અને ગુવાહાટીમાં એક પણ પ્લાન્ટ નથી માટે આ બંને શહેરોની પસંદગી કરીને સેમ્પલિંગ શરૂ કરવામાં આવ્યું હતું.

(અનુ.પાના નં.૪ ઉપર)



# આણંદમાં આભ ફાટયું : ૭ ઈંચ વરસાદ

### આણંદ તાલુકામાં બે દિવસમાં સુસવાટા પવન સાથે ધમાકેદાર દોઢ દિવસમાં ૧૩ ઈંચ વરસાદ

**(એજન્સી સમાચાર)**

આણંદ, તા.૧૮

આણંદમાં વરસાદની ધમાકેદાર શરૂઆત થઈ છે. આ બે દિવસમાં મેહુલિયો અનરાધાર વરસી રહ્યો છે. હજુ પણ આકાશમાં ઘેરાયેલાં કાળાં ડિબાંગ વાદળો જાણે ધરતીને તરબોળ કરવા તૈયાર હોય એમ જણાઈ રહ્યાં છે. શુક્રવારે સવારે આણંદમાં જાણે આભ ફાટ્યું હોય એમ સવારે ૬થી ૧૦ વાગ્યા સુધીના ૪ કલાકમાં ૭ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે, જેમાં ૬થી ૮ વાગ્યા સુધીમાં ૫ ઇંચ અને ૮થી ૧૦ વાગ્યા સુધીમાં ૨ ઇંચ વરસાદ નોંધાયો છે. ભારે વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારો બેટમાં ફેરવાયા છે અને રસ્તાઓ પર જાણે નદી વહેતી હોય એવાં દ્રશ્યો જોવા મળી રહ્યાં છે.

બુધવાર રાત્રિથી શુક્રવાર સવાર સુધીમાં આણંદ તાલુકામાં ૧૩ ઇંચ



જેટલો અધધધ વરસાદ ખાબકી ચૂક્યો છે. આણંદમાં વરસાદે મહેર કરી છે. દિવસભરના ભારે બફાટ બાદ પવન સાથે ખબકેલા ભારે વરસાદથી વાતાવરણમાં આહલાદક ઠંડક પ્રસરી છે. વરસાદના આગમને જ આણંદના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતાં નાગરિકોને ભારે હાલાકી ઊભી થઈ છે.

આણંદમાં ખબકેલા

(અનુ.પાના નં.૪ ઉપર)

# દેશમાં કોરોના ધીમો પડયો, ૨ હજારથી ઓછા મોત

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી તા.૧૮

ભારતમાં કોરોના કાબુમાં આવી જ ગયો હોય તેમ એકાદ મહિનાથી નવા દૈનિક કેસોનીચા આવતા રહ્યા છે. હવે ઘાતકતા પણ ધીમી પડી હોય અને મૃત્યુઆંક પણ નિયંત્રણમાં આવવા લાગ્યો હોય તેમ ૫૮ દિવસ પછી દૈનિક મોતનો આંકડો બે હજારથી નીચે આવી ગયો છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડાકીય રીપોર્ટ પ્રમાણે છેલ્લા ચોવીસ કલાકમાં ભારતમાં કોરોનાના નવા ૬૨૪૮૦ કેસ નોંધાયા હતા અને તેમાં ૧૫૮૭ લોકોનાં ભોગ લેવાયો હતો. એકટીવ કેસોની સંખ્યા ૭૩ દિવસના નીચે સ્તરે આવીને ૭.૧૮ લાખ નોંધાઈ હતી. છેલ્લા ચોવીસ કલાકમાં ૮૯ હજાર લોકો સાજા થયા હતા.

રીકવરી રેટ વધીને ૯૬.૦૩ ટકા થયો છે. કોરોનાના ઘટતા કેસ વચ્ચે મૃત્યુંઆંકમાં પણ રાહત મળી છે.૫૮



દિવસ બાદ મોતનો આંકડો ૨૦૦૦ થી નીચે નોંધાયો છે. અત્યાર સુધીનો કુલ મૃત્યુઆંક ૩,૮૩,૪૯૦ નોંધાયો છે.

# આજે ફરી પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી તા.૧૮

પેટ્રોલ-ડીઝલની કિંમતો સ્થિર રહ્યા બાદ આજે એક વાર ફરી ભાવમાં વધારો થયો છે. સરકારી તેલ કંપનીઓએઆજે પેટ્રોલના ભાવમાં ૨૭ પૈસા પ્રતિ લિટરનો વધારો થયો છે. ડીઝલની કિંમતોમાં ૨૮ પૈસાનો વધારો થયો છે. આ વધારા બાદ દિલ્હીના




બજારમાં પેટ્રોલની કિંમતોવધીને ૯૬.૯૩ પ્રતિ લીટર થઇ ગયો છે. બીજી બાજુ ડીઝલના ભાવમાં થયેલા વધારા બાદ દિલ્હીમાં ડીઝલનો ભાવ ૮૭.૬૯ પ્રતિ લિટરે પહોંચી ગયો છે.

દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૬.૯૩ અને ડીઝલની કિંમત ૮૭.૬૯, ચેન્નાઇમાં પેટ્રોલનો ભાવ ૯૮.૧૪ ડીઝલનો ભાવ ૯૨.૩૧ છે. કલકતામાં પેટ્રોલનો ભાવ ૯૬.૮૪ અને ડીઝલનો ભાવ ૯૦.૫૪, મુંબઈમાં પેટ્રોલનો ભાવ ૧૦૩.૦૮ અને ડીઝલની કિંમત ૯૫.૧૪ છે. છે.

# સુરતમાં ધોધમાર ૩ ઈંચ વરસાદ, ઠેર-ઠેર પાણી ભરાયા



સુરત, તા.૧૮

ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સમસ્યા સામે આવી છે. સુરતના ડભોલી, પુણાગામ, અર્ચના સ્કૂલ, લિંબાયત ગરનાળા, કતારગામ જેવા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. જેને લઈને વાહનચાલકોને હાલાકી પડી હતી. એટલું જ નહીં કેટલીક જગ્યાએ તો ઘૂંટણસમા પાણી પણ ભરાઈ ગયા હતા અને આ પાણી ભરાતા કેટલાક લોકોના વાહનો પણ વરસાદી પાણીમાં બંધ પડી ગયા હતા.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના અનેક

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજ્યોમાં તોફાની પવન સાથે ભારે વરસાદની આગાહી

### સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહીસાગર, કચ્છ, અમદાવાદ, આણંદ અને ખેડા જિલ્લામાં તોફાની પવન ફુંકાશે



**(એજન્સી સમાચાર)**

અમદાવાદ : ગુજરાતમાં પણ ચોમાસાનું આગમન થઇ રહ્યું છે ત્યારે હવામાન ખાતાએ ભારે પવનની આગાહી કરી છે. હવામાન ખાતાના ડીરેકટર મનોરમા મોહંતી અનુસાર ગુજરાત સહિત દેશના અનેક રાજયોમાં આગામી ચાર દિવસ માટે તોફાની પવન ફૂંકાશે. અને તેની ગતિ પ્રતિ કલાકના ૪૦થી ૪૫ કિલોમીટરની રહેશે. અરબી સમુદ્રમાં ઇસ્ટ સેન્ટ્રલ દિશામાં પવનની ગતિ ૫૫થી ૬૦ કિલોમીટરની રહેશે. આ સમયગાળા દરમિયાન માછીમારોને દરિયામાં ન જવા માટે ચેતવણી આપવામાં આવી છે.

હવામાન ખાતાના જણાવ્યા મુજબ ગુજરાતમાં સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહીસાગર, કચ્છ, અમદાવાદ, આણંદ અને ખેડા જિલ્લામાં પવનની ગતિ વધુ હશે.અને પ્રતિ કલાકના ૪૦થી ૪૫ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. આ ઉપરાંત કેરાલા કર્ણાટક ગોવા મહારાષ્ટ્ર અને ગુજરાતના દરિયાકાંઠે અરબી સમુદ્રમાં અને આંદામાનમાં પણ પવનની ગતિ પ્રમાણ વધુ રહેશે.

# માતા બોલી-ઉભો થા, ઉભો થા' ને માસૂમ જીવતો થયો!

### હરિયાણાના બહાદુરગઢમાં એક માતાનો કરૂણ પોકાર સાંભળીને મૃત પુત્ર સજીવન થવાની ચમત્કારી ઘટના

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી તા.૧૮

દુનિયામાં આજે પણ ચમત્કાર સર્જાય છે તેમાં બેમત નથી. સાચા હૃદયની પ્રાર્થના તો ઈશ્વરે પણ સાંભળવી પડે છે. એક માતાના સાચા હૃદયની પ્રાર્થના અને કરૂણ પોકારને કારણે મરેલો પુત્ર જીવીત થયાની એક ચમત્કારી ઘટના બની છે.

હરિયાણાના બહાદુરગઢમાં આજથી ૨૦ દિવસ પહેલા એક છ



વર્ષીય પુત્રને ડોકટરોએ મૃત જાહેર કરી દીધો. પરિવાર અંતિમ સંસ્કારની તૈયારી પણ કરી લીધી હતી. પરંતુ મા તો તેના પુત્રને જીવતો જોવા માંગતી હતી. માતા પુત્રની નનામી પાસે બેસી રહી. નનામીમાં બાંધેલી પુત્રીની લાશ સામે જોઈને મા બોલવા લાગી કે બેઠો થઈ જા મારા દિકરા, બેઠો થઈ જા.

ભગવાને પણ જાણે માતાનો કરૂણ પોકાર સાંભળી લીધો હોય તેમ થોડી વારમાં તો પુત્રના શરીરમાં પ્રાણનો સંચાર થયો અને તેના

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/




માર્કેટીંગ માટે છોકરા તેમજ છોકરી જોઇએ છે
મો.૯૪૦૯૭ ૫૭૦૬૨

શુધ્ધ ઘી
કોઈપણ જાતની મિલાવટ વગરનું ઘી જથ્થામાં આપવાનું છે.
રૂ.૧૦૦૦/-નું કિલો
મો. નં. ૯૦૩૩૩ ૪૪૪૨૬

## રાજપૂત યુવા સંઘનાં સુરેન્દ્રનગર જીલ્લાનાં પ્રમુખ પરમવિરસિંહ પરમારનો આજે જન્મદિવસ

સુરેન્દ્રનગર: અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ સુરેન્દ્રનગર જીલ્લાનાં પ્રમુખ પરમવિરસિંહ પરમારનો આજે જન્મદિવસ છે. છેલ્લા કેટલાક વર્ષોથી સુરેન્દ્રનગર ખાતે ઝાલાવાડ કા રાજા ગણપતિ મહોત્સવનું આયોજન કરી રહ્યા છે. પરમવિરસિંહનાં ૩૦ માં જન્મદિવસ પર રાજકીય પક્ષોનાં નેતાઓ, સગા-સ્નેહીઓ, પરિવારજનો તેમના મો નં. ૯૫૨૭૭૮૯૦૦૯ પર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. પરમવિરસિંહનાં જન્મદિવસ પર સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી શુભકામનાઓ...




સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL

SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:

90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે

94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

# સૌરાષ્ટ્ર ક્રાંતીની અનોખી પહેલ

"મારૂ રાજકોટ, સ્વચ્છ રાજકોટ" ઝુંબેશમાં સહભાગી થાઓ

**વોર્ડમાં સ્વચ્છતાની સમસ્યા છે તો ફોન કરો...**

# 2450077

**વોર્ડની સમસ્યા નિવારવા ઓનલાઈન ફરિયાદ કરવી જરૂરી**

http://www.rmc.gov.in/rmcwebsite/complainregistration.aspx

**જો ફરિયાદ કરવા છતાં તંત્ર દ્વારા પ્રશ્નોનો ઉકેલ નથી આવતો તો ફોટા સાથે વિગત વોટ્સએપ કરો**

# 99784 17603

**અમે તમારી ફરિયાદ તંત્ર સુધી પહોંચાડવા મદદ કરીશું**

USE DUSTBIN

કચરો કચરા પેટી માં નાખવો

**ચાલો, સૌ સાથે મળીને રાજકોટને સ્વચ્છ બનાવીએ**



# વોર્ડનં. 13

**કોર્પોરેટરોઃ**

જયાબેન ડાંગર

સોનલબેન સેલારા

નીતિનભાઈ રામાણી

સુરેન્દ્રસિંહ વાળા

# સ્વચ્છ રાજકોટમાં ઠેર-ઠેર કચરાના ઢગલા!









અહેવાલઃ પરાગ જાટીયા
તસવીરઃ દિલીપ ગોહેલ

## તંત્ર દ્વારા પુરતા પ્રયત્નો પણ લોકોમાં થોડી અવેરનેશ આવે તે પણ જરૂરીઃ જયાબેન ડાંગર



મો.૯૯૭૪૮ ૭૦૭૦૦

રાજકોટઃ વોર્ડમાં કચરાનાં પ્રશ્ને કોર્પોરેટર જયાબેનનો સંપર્ક કરતા શૈલેષભાઈએ જણાવ્યું હતું કે વોર્ડમાં ટીપરવાન નિયમિત રીતે આવે જ છે. તમામ ગંદકી સાફ કરાય જ છે. પણ રાત્રીનાં સમયે હોટલોનાં સંચાલકો તેમજ રહેવાસીઓ દ્વારા કચરો નાખી દેવામાં આવે છે. આ લોકોને અનેક વખત અપીલ કરવા છતાં પણ લોકો નિયમોનું પાલન કરતા નથી. તંત્રને પણ લોકોએ સહકાર આપવો જરૂરી છે અને એક કોર્પોરેશનને પણ અપીલ કરીએ છીએ કે જે રસ્તા ઉપર કચરાટોપલી મુકવામાં આવી છે. તેમાંથી અમુક તૂટી ગઈ હોવાથી કચરો ફેલાઇ છે ને ગંદકી ફેલાઈ છે. તો તેને બદલવામાં એક પ્રયાસ કરવામાં આવે. ઉપરાંત લોકોને હાથ જોડીને અપીલ કે ટીપરવાનનો નિયમિત ઉપયોગ કરે અને કચરો બહાર ફેંકવામાં ન આવે.

## બે દિવસ પહેલા જ વોર્ડનાં અધિકારીઓને સુચના આપેલ છેઃ સોનલબેન સેલારા



રાજકોટઃ કચરાનાં ઢગલા મુદ્દે વોર્ડનાં કોર્પોરેટર સોનલબેનનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે આ મુદ્દો ધ્યાનમાં લઈને બે દિવસ પહેલા તમામ અધિકારીઓને સુચના આપી દેવાય છે કે કચરાનાં ઢગલા વોર્ડમાં રહે નહીં. છતાં ન્યુસન્સ પોઈન્ટ પર જોવડાવીને અધિકારીઓને તાત્કાલિક સફાઈ કરવા સુચના આપી દેવામાં આવશે

મો.૬૩૫૩૪ ૨૧૮૧૧

## નીતિન રામાણી લોકોના ફોન ઉપાડે તોય ઘણું



રાજકોટઃ વોર્ડનાં કોર્પોરેટર નિતીનભાઈ રામાણીનો સંપર્ક કરતા તેનો સંપર્ક થઇ શક્યો ન હતો. તેનો મોબાઈલ ફોન બંધ આવતો હતો અને વોર્ડનાં લોકોની પણ ફરિયાદ હતી કે તમામ કોર્પોરેટરનાં ફોન લાગે છે. જવાબ આપે છે. પણ નિતીનભાઈને વોર્ડની પડી નથી કે શું? તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. શું નીતિનભાઈ ઉપર વોર્ડનાં લોકોએ વિશ્વાસ કરીને મત આપ્યોએ વિશ્વાસ તૂટે છે?

મો.૯૮૭૯૦ ૭૭૦૬૨

## લોકોમાં એવરનેશના અભાવથી આ પ્રશ્ન ઉદ્દભવે છેઃ સુરેન્દ્રસિંહ વાળા



મો. ૯૮૯૮૦ ૩૬૪૦૦

રાજકોટઃ વોર્ડમાં કચરાનાં ઢગલા બાબતે કોર્પોરેટરનો સંપર્ક કરતા જણાવ્યું કે તંત્ર દ્વારા સમયસર કામગીરી કરવામાં આવે જ છે. વોર્ડનાં તમામ ખૂણે ટીપરવાન પહોંચે છે. પણ અમુક ન્યુસન્સ પોઈન્ટ પર લોકોને અનેક વખત સમજાવવા છતાં પણ લોકો કચરો ફેંકે છે. તંત્રને સહકાર નથી આપતા. તેથી અમારી લોકોને હાથ જોડીને અપીલ છે કે ટીપરવાનનો ઉપયોગ કરવામાં આવે અને કચરો બહાર ફેંકે નહીં. જો લોકો સમજશે તો જ રાજકોટ સ્વચ્છ રહેશે.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

શહેર કોરોનાએ થોડો વિસામો ખાધો છે. ત્યારે કાર્યતંત્ર હવે રાહતનો શ્વાસ લઇ રહ્યું છે. પરંતુ વોર્ડ નં.૧૩ના કેટલાક વિસ્તારોમાં ભારે ગંદકી ફેલાઈ રહી છે. જેને કારણે રોગચાળાનો ગંભીર ખતરો તોળાયેલો રહે છે. તબિબો અને પેરામેડીકલ સ્ટાફને કારણે કોરોનાની સ્પીડ ઓછી થવાથી કંઇક અંશે રાહત મળી છે. પરંતુ આગામી ચોમાસું અને ગંદકીનાં ઢગલાઓ મળીને કોઈ નવા રોગચાળાને જન્મ ન આપે એવી દહેશત જાણકારોએ વ્યક્ત કરી છે. જયારે રાજકોટએ રંગીલું શહેર છે. પણ અત્યારે આ રંગીલુ રાજકોટ ગોબરું થતું હોય તેવા ચિત્રો સામે આવી રહ્યા છે. ગમે ત્યાં જાવ ત્યાં કચરાનાં ઢગલા તો દેખાઈ જ જાય છે, એઠવાડ પણ પડેલા હોય છે. ત્યારે આ કચરાનાં ઢગલાને લીધે રોગચાળો પણ ફેલાઈ જાય તેવી શક્યતાઓ છે. સૌરાષ્ટ્ર ક્રાંતી ટીમ દરરોજ એક વોર્ડમાં જઈને ત્યાંના લોકોને રૂબરૂ મળી ટીપરવાન સમયસર આવે છે કે કેમ તેમજ કઈ-કઈ જગ્યાએ કચરાના ઢગલાઓ પડ્યા છે તે અંગેની માહિતી મેળવતા લોકોએ અનેક વિસ્તારોમાં પડેલા કચરાના ઢગલાઓ દેખાડી તંત્રની કામગીરી સામે આક્રોસ ઠાલવ્યો હતો. આ કચરાનાં ઢગલાએ મનપાનાં સ્વચ્છતાની પોલ ખોલી નાખી છે. અતિશય દુર્ગંધ મારતા આ કચરાનાં કારણે આસપાસનાં વિસ્તારનાં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આ કચરાને કારણે રોગચાળો ફેલાઈ કે મચ્છર જન્યરોગ થાય તેવી ભીતિ લતાવાસીઓમાં સેવાઈ રહી છે. વોર્ડનાં કોર્પોરેટરોએ લોકોને અપીલ કરી છે કે, કચરો ટીપરવાનમાં નાખે, જ્યાં-ત્યાં કચરો નાખવો નહીં. શહેરને ચોખ્ખું ચણાંક બનાવવા બધાનો સહયોગ ખૂબ જરૂરી છે. કોર્પોરેટરોએ રોડ-રસ્તા, પાણી સહિતના મુદ્દે વોર્ડમાં લોક દરબાર યોજવો જોઈએ. લોક દરબાર યોજવામાં આવે તો અનેક પ્રશ્નોનું નિરાકરણ ટૂંક સમયમાં થઇ શકે.

રાજકોટ શહેરને સ્વચ્છતા રેન્કીંગ માટે મોટા ઉપાડે ચોક્કસ વિસ્તારો સાફ સુથરા રાખવામાં આવે છે. સ્વચ્છતાની વાત કરીએ તો શહેરનાં મોટા ભાગના તમામ વિસ્તારોમાં કંઈ હરખવા જેવું હોતું જ નથી. કચરો નજરે ચડ્યા વિના રહે જ નહીં. વરસાદથી રોગચાળો ફાટી નીકળે તો જવાબદાર કોણ? તમામ કોર્પોરેટરનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે, અમારા

## નીતિનભાઈ ખોબલે ખોબલે મત આપ્યાં છે એ ન ભુલવું જોઈએઃ લોકોનો આક્રોશ

ધ્યાનમાં આ પ્રશ્ન છે જ અને તમામ જગ્યાએ અમે જેસીબીની મદદથી કચરા ઉપડાવીએ પણ છીએ પણ ત્યાંનાં લોકોને અનેક વખત સમજાવવા છતાં પણ તે લોકો ટીપરવાનનો ઉપયોગ કરવાને બદલે કચરો બહાર ફેંકી દે છે. માટે અમારી ટીમ દ્વારા સતત નજર રાખીને કામગીરી કરવામાં આવી રહી છે. અમુક કોર્પોરેટરો દ્વારા રૂબરૂ મુલાકાત લઈને પ્રશ્નો જોવે છે અને તેનો ઝડપી નિકાલ પણ કરાવે છે. અમે અમુક નવા કોર્પોરેટરો ફરિયાદ મળે પછી જ સફાઈ થાય તેવી વાટ પણ જોતા હોય એવું લાગી રહ્યું છે કોર્પોરેટરોને આ ઢગલાકેમ નથી દેખાતા? તેવું વોર્ડનાં લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. અમે વોર્ડનાં લોકોને કચરાનાં ઢગલા દેખાઈ છે તો વોર્ડ ઓફિસર, સેનેટરી ઈન્સ્પેક્ટ, કોર્પોરેટરોને કેમ દેખાતા નથી કે તે ફરિયાદની રાહ જોઇને બેઠા છે ? આવી પરિસ્થિતિનો સામનો વોર્ડવાસીઓ દ્વારા કરવામાં આવે છે. વોર્ડ નં.૧૩ માં છેલ્લા કેટલાય સમયથી ઠેર-ઠેર કચરાના ઢગલાથી તીવ્ર દુર્ગંધથી રસ્તાઓ પરથી પસાર થવું પણ મુશ્કેલ બન્યું હોવાનું લોકોનું કહેવું છે.

વોર્ડના કોર્પોરેટરાએ વોર્ડના વિસ્તારોની રૂબરૂ મુલાકાત લેવી જોઈએ. સ્થાનિક લોકોને કચરો ટીપરવાનમાં જ નાખવો જોઈએ તેમ સમજાવવા જોઈએ.વોર્ડને ચોખ્ખો ચણાંક રાખવા લોકોએ જયાં ત્યાં કચરો નાખવો ન જોઇએ તેમજ તંત્રને પુરો સહયોગ આપવો જોઇએ. ઉપરાંત લોકોની પણ ફરજ બને છે કે તંત્રને સહકાર આપે અને ટીપરવાનનો ઉપયોગ કરવામાં આવે હજુ તો આવા અનેક વોર્ડની દશા આગામી દિવસોમાં લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરીશું.

## ચોમાસામાં રોગચાળો ફાટી નિકળશે તો જવાબદાર કોણ?

**લોકોને હાથ જોડીને અપીલ કે, ટિપરવાનનો નિયમિત ઉપયોગ કરે અને કચરો બહાર ફેંકવામાં ન આવેઃ કોર્પોરેટરો**

**વોર્ડમાંથી દરરોજ નિયમીત કચરો ઉપડાવાય છે તો કચરાના ઢગલા કેમ??**

## લોકોનો સહયોગ ખુબ જરૂરી : પરેશ ચાવડા (વોર્ડ ઓફિસર)

કચરાનાં મુદ્દે વોર્ડ ઓફિસરનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું કે નિયમિત કચરા ઉપાડવાની કામગીરી હાથ ધરાય જ છે. છતાં પણ જો રહી ગયો હોય તો તાત્કાલિક ધોરણે ક્લીયર કરાવામાં આવશે. ઉપરાંત બીજી વખત આવી ફરિયાદ ન આવે તેવા પ્રયત્નો પણ કરવામાં આવશે.

## લોકો ટિપરવાનનો નિયમીત ઉપયોગ કરેઃ નિલેષ કાચા (એસ.આઈ)

રાજકોટઃ વોર્ડ નં.૧૩ માં કચરાનાં ઢગલા મુદ્દે સેનેટરી ઈન્સ્પેક્ટરનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું કે વોર્ડમાં નિયમિત ટીપરવાન જાય જ છે. ટ્રેક્ટર દ્વારા પણ તમામ કચરાનાં ઢગલા ઉપાડવામાં આવે છે. છતાં પણ અમુક ન્યુસન્સ પોઈન્ટ પર કચરાના ઢગલા કરી દેવામાં આવે છે. લોકોને અપીલ કરીએ છીએ કે કચરો ટીપરવાનમાં નાખવામાં આવે.

# શહેર ભાજપ દ્વારા તમામ વોર્ડમાં સફાઈ ઝુંબેશ શરૂ કરાશે

# વોર્ડનં.૧૨માં તાબડતોડ સફાઈ





## તંત્રી સ્થાનેથી...

### વિશ્વ ભરના દેશોમાં કુપોષણનો પ્રશ્ન કેમ ગંભીર બનતો જઈ રહ્યો છે...?

કોરોના મહામારી વિશ્વભરમાં બેરોજગારી વરવા રૂપે લાવી છે. વિવિધ પ્રકારના ઔદ્યોગિક ક્ષેત્રે સ્કિલ્ડ શ્રમિકોની કમી ઊભી થઈ છે તો બીજી તરફ બેરોજગારીને કારણે લોકોની ખરીદશક્તિ ઘટતા તેની અસર દરેક પ્રકારના વેપાર- ધંધા અને બજારો ઉપર થવા પામી છે. પરીણામે વિશ્વભરના દેશોની અર્થવ્યવસ્થા માં ઘેરી મંદીના વાદળો છવાઈ ગયા છે. ભારતમાં રોજગારી માટે દિવસે દિવસે સ્થિતિ વધુ વણસતી ચાલી છે. તેમાં પણ દેશમાં નવી રોજગારી ઊભી થઈ નથી તે સાથે શિક્ષિતો વધતા જઈ રહ્યા છે તેઓને પણ રોજગારી માટે ફાફા મારવા પડે છે. બીજી તરફ સરકારે જાહેર સાહસો ખાનગી હાથોને સોંપવાની શરૂઆત કરતા શિક્ષિત અને બેરોજગારની સંખ્યામાં વધારો થયો છે. વિશ્વ ભૂખમરા વિરુદ્ધ ઘણા દાયકાથી લડી રહ્યું છે અને તેમા ભરપૂર પ્રમાણમાં પ્રગતિ થઈ હતી પરંતુ કરોના મહામારીએ તેની પર મોટો ફટકો માર્યો છે અને દરેક દેશ કુપોષણના ગંભીર સ્વરૂપનો શિકાર બનવાની સંભાવના વધી પડી છે! થોડા સમય પહેલા વૈશ્વિક સ્તરે કુપોષણ બાબતે એક અહેવાલ જાહેર થયેલ તેમાં દર્શાવેલ છે કે, વિશ્વભરમાં અંદાજે ૧૧.૯૦ કરોડ બાળકો કુપોષણના બેહદ ગંભીર સ્વરૂપનો શિકાર બનશે. જેમાં સૌથી મોટી અસર દક્ષિણ એશિયા અને આફ્રિકાના દેશોના બાળકોને થવાનો અંદાજ છે. જે મહિલાઓ ગર્ભવતી છે તે એવાં બાળકોને જન્મ આપશે કે જે અગાઉથીજ કુપોષિત હશે અને જો આવુ થશે તો ભવિષ્યની પેઢી ભૂખમરા અને કુપોષણનો શિકાર બનશે. ભારતમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલયે ૨૦૨૦ એક ખુલાસામાં દેશમાં ૯.૨૭ લાખ બાળકો ગંભીર કુપોષિત હોવાનું જણાવેલ જેમાં ૬ મહિનાથી ૬ વર્ષની વય જુથના બાળકો નો સમાવેશ થાય છે!

થોડા સમય પહેલા યુએનના એક અહેવાલમાં વિગતો જાહેર થઈ હતી કે કોરોના મહામારીને કારણે વિશ્વભરમાં ભૂખમરાની સ્થિતી અતિ ચિંતાજનક બની રહી છે. માત્ર ખોરાકના અભાવે દર મહિને દસ હજારથી વધુ બાળકોના મૃત્યુ થઈ રહ્યા છે. કોરોના મહામારીની અસરને કારણે ગરીબ દેશોની સ્થિતિ દિવસે દિવસે વધુબગડતી જઈ રહી છે. જ્યારે કે ગ્રામ્ય ઉત્પાદનો માર્કેટ સુધી પહોંચી શકતા નથી બીજી તરફ ગામડાઓમાં મેડિકલ સપ્લાય અને ખાદ્યસામગ્રી પહોંચી શકતા નથી આ અહેવાલમાં શંકા વ્યક્ત કરવામાં આવેલ છે કે કોરોના વાયરસને કારણે કરવામાં આવેલ ભોજનની વ્યવસ્થાની સપ્લાયમાં કમીને કારણે એક વર્ષમાં એક લાખ વીસ હજાર બાળકોના મૃત્યુ નિપજી શકે છે. યુએનના જણાવ્યા અનુસાર દર મહિને સાડા પાંચ લાખથી વધુ બાળકો કુપોષણનો શિકાર બને છે. સબક અને વધી રહેલા કુપોષણના લાંબા ગાળાના પરિણામો ભારે નુકશાનકારક પણ હોઈ શકે છે. આ બધી બાબતો વચ્ચે નોંધનીય બાબત એ રહી છે કે ભારત એક ખેતીપ્રધાન દેશ છે અને આજે પણ કૃષિ ઉત્પાદનોની સ્થિતિ ઘણી જ સારી છે. કારણ કૃષિ જમીન તથા તેના ઉત્પાદનોની માલીકી ખેડૂતોની બની રહી છે. હજુ સુધી કૃષિ ઉત્પાદન કરતી જમીનો ઔદ્યોગિક ગૃહો કે મોટા વેપારીઓના હાથમાં નથી પહોંચી શકી જે કારણે ભારતમાં કુપોષણ બાબતે ઓછી સમસ્યા છે. છતાંય કુપોષણની સમસ્યા કોરોના મહામારીને કારણે ગંભીર બનવા પામી છે તેમ કહીશું તો તે અતિશયોક્તિ ન કહી શકાય!

# રાજકોટ જીલ્લામાં જુગારની મૌસમ ખીલીઃ ૪૬ પત્તા પ્રેમી ઝબ્બે



## રૂરલ પોલીસે ચારણીયા, શિવપુર, સનાળા, બેલડા, ભાડલા અને જસાપર ગામે જુગારનાં દરોડા પાડી રૂ. ૨.૨૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ગઈકાલે જુગારની મૌસમ ખીલી હોય તેમ પોલીસે છ સ્થળોએ દરોડા પાડી જુગાર રમતા ૪૬ શખ્સોને દબોચી લઇ રૂ. ૨.૨૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યા છે. આ અંગેની વિગત મુજબ જેતપુરનાં ચારણીયા ગામે પોલીસે દરોડો પડતા તીનપતિનો જુગાર રમતા મનસુખ ગોખર કયોપરા, જેઠા માનસુર રાઠોડ, હરી ઉકા સોંદરવા સહિત ત્રણની ધરપકડ કરી રૂ. ૧૦૨૩૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જયારે જસદણ પોલીસે શિવરાજપુર ગામે જુગાર રમતા ભદ્રેશ નારણ વેકરીયા, નિકુંજ રમણ આસોદરીયા, રોનક મગન વેકરીયા, લાલજી મગન વેકરીયા, દિનેશ ખોડા આસોદરિયા સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી રૂ. ૧૦૨૧૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જયારે વધુ એક દરોડામાં જસદણ પોલીસે સનાળા ગામના બસ સ્ટેશન પાસે જુગાર રમતા મહેશ કતા વસાણી, મુકેશ પૂના રાઠોડ, કાળુ કતા ચાવડા, પીન્ટુ પરસોતમ આથલીયા, રાહુલ રાજુ મકવાણા, હાર્દિક કેશુ શેદાણી, વાળા નારણ ચાવડા સહિતનાં શખ્સોને દબોચી લઇ રોકડા રૂ. ૧૦૩૮૦ કબ્જે કર્યા છે. જયારે વધુ એક દરોડામાં જસદણ પોલીસે બેલડા ગામે જુગાર રમતા હરેશ સોલંકી, ભરત દેવશી લાવીયા, વિશાલ વાલજી તલાવડીયા, નિતેષ અશોક તલાવડીયા, અશોક વીરજી સોલંકી, વિષ્ણુ જીવરાજ રાઠોડ, રવિ ધના ગળતરા, દિનેશ બારૈયા, સંજય રાજેશ વૈષ્ણવ, શૈલેષ વિનુ પેર સહિત ૧૦ શખ્સોને પોલીસે દબોચી લઇ રોકડા રૂ. ૨૬૩૭૦ કબ્જે કર્યા છે. જયારે ભાડલા ગામે પોલીસે જુગાર રમતા વલ્લભ ગાડુ ઓલશદી, રવિ તેજા કોલીયા, ભરત વલ્લભ, વિક્રમ વિનુ, સંજય વલ્લભ, શિવરાજ વલ્લભ, મનસુખ બીજલ નાગાણી, જયરાજ ભૂપત ઓતરાઈ, રશિક વલ્લભ, જયરાજ હેરા, મનસુખ વેલા, કલ્પેશ વલ્લભ, અરવિંદ છના પરમાર, વિહા બીજલ રાણેસરા, રમેશ ગત્રજી રાણેસરા સહિતનાં શખ્સોની પોલીસે ધરપકડ કરી ૭૬૭૬૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જયારે આટકોટ પોલીસે જુના જસાપર ગામે જુગાર રમતા પ્રવિણ ઉર્ફે ખીમો હમીર ભટ્ટી, મહેશ ઉર્ફે ધમો કાના પરમાર, પ્રવિણ પરસોતમ ચોથાણી, બાબુ મંગા ડાભી, છગન દેવશી હીરપરા, વલ્ફ જાદવ સાથલીયા સહિત છ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ. ૯૩૯૩૨ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ રેલવે રાહત કાર્યોમાં કાર્યરત



## વિવિધ રાજ્યોમાં ૭૭૧૬.૪૬ ટન ઓક્સિજનનું પરિવહન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૧૮

રાજકોટ ડિવીઝનનાં સિનીયર ડી.સી.એમ અભિનવ જેફનાં જણાવ્યા મુજબ પશ્ચિમ રેલવેનાં રાજકોટ ડીવીઝન દ્વારા અત્યાર સુધીમાં ૮૦ ઓક્સિજન એક્સપ્રેસ ટ્રેન મારફત ૮ રાજ્યોમાં લગભગ ૭૭૧૬.૪૬ ટન ઓક્સિજનની સપ્લાય કરવાઈ છે. જેમાં દિલ્હી, ઉત્તરપ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક અને મહરાષ્ટ્ર સામેલ છે. આ ૮૦ ટ્રેનોમાં હાપાથી ૪૧ રિલાયન્સ રેલ ટર્મિનલ,કાનાલૂસથી ૩૯ ટ્રેનો દોડવાઈ છે. રાજકોટ ડિવીઝનથી તા.૧૭ જુનએ વધુ ૨ ટ્રેન દોડાવાઈ. પહેલી ટ્રેન કાનાલૂસથી ગુંટુર (આંધ્રપ્રદેશ) માટે જેમાં જ ટેન્કરો મારફત ૭૧.૯૭ ટન ઓક્સિજન મોકલાવાયું.

બીજી ટ્રેન કાનાલૂસથી બેંગ્લોર કર્ણાટક માટે જેમાં ૬ ટેન્કરો દ્વારા ૧૦૬.૦૩ ટન ઓક્સિજન મોકલાવાયું હતું.

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી**

## રાજકોટના જિલ્લામાં ૧૦.૧૯% જ વાવેતર, વીંછિયામાં સૌથી વધારે અને ઉપલેટામાં સૌથી ઓછું

# ટંકારામાં મગજ ભમતા યુવકનો ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ

## વીંછીયામાં યુવકે ઝેરી ટિકડા ખાતા સારવાર હેઠળ



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૧૮

ટંકારા તાલુકાના હડમતીયા ગામે રહેતા યુવકે મગજ ભમતા ગળેફાંસો ખાઇ આપઘાતનો પ્રયાસ કર્યો હતો યુવકને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી મળતી વિગત મુજબ ટંકારના હડમતીયા ગામે રહેતા અશોકભાઈ વિરજીભાઈ ખાખરીયા નામના ૩૫ વર્ષના યુવકે સાંજના પાંચેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે ગળેફાંસો ખાઇ લીધો હતો યુવકને બેશુધ્ધ હાલતમાં તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પ્રાથમિક પૂછપરછમાં અશોક ખાખરીયાનો મગજ બંધ હોવાથી ગળેફાંસો ખાઇ લીધો હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત અન્ય બનાવમાં વિછીયા તાલુકાના ખડકાણા ગામે રહેતા રમેશ નરશીભાઈ રોજાસરા નામના ૧૯ વર્ષના યુવાને કોઈ અગમ્ય કારણસર ઝેરી ટીકડા ખાઇ લીધા હતા યુવકને ઝેરી અસર થતાં તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ બન્ને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કુકરવાડા ગામમાં 'આપ'માં જોડાતા યુવાનો

## જિલ્લામાં રાજનીતિમાં ભાજપ, કોંગ્રેસ અને હવે 'આપ'ની એન્ટ્રી : ધીમે 'આપ'ના કાર્યકર્તાઓમાં નોંધપાત્ર વધારો

(એજન્સી સમાચાર)

મહેસાણા,તા.૧૮

મહેસાણા જિલ્લો આમ તો રાજકીય લેબોરેટરી ગણાય છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી જિલ્લામાં ક્યાંકને ક્યાંક રાજનીતિમાં ભાજપ, કોંગ્રેસ અને હવે આપની એન્ટ્રી થાય તો નવાઈ નહી. કારણ કે, જિલ્લામાં ધીમે ધીમે 'આપ'ના કાર્યકર્તાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. આજે વિજાપુરમાં યોજાયેલી આપની મીટિંગમાં મોટી સંખ્યામાં લોકો આપમાં જોડાયા હતા.

વિજાપુર તાલુકા મથકે આપ પાર્ટીના સંગઠન મજબુત કરવાના મુદ્દે કુકરવાડા ગામમાં આજે યોજાયેલી આપની મીટિંગમાં ઘણા યુવાનોએ મોટી સંખ્યામાં જોડાઈને આપ પાર્ટીને તાલુકા કક્ષાએ મજબૂત કરી છે.

આ અંગે આપ પાર્ટીના વિપુલભાઇ પટેલે જણાવ્યું હતુ કે, આપ પાર્ટીમાં જિલ્લા અને તાલુકાના સંગઠનમાં ફેરફાર કરી જિલ્લા પ્રમુખ, તાલુકા પ્રમુખ, શહેર પ્રમુખ, મંત્રી અને મહામંત્રીની નિમણૂક માટે મીટિંગ યોજાઈ છે. જેમાં નક્કી કરેલા પાર્ટીના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી અને મહામંત્રી અને સંઘઠનની જાહેરાત કરવામાં આવશે.

હાલમાં નક્કી કરેલા નામો પ્રદેશ કક્ષાએ મોકલી અને તેમાં નક્કી કરેલા નામોની યાદી ચાર દીવસમાં જાહેર કરવામાં આવશે. સંગઠનની રચના બાદ યુવા વર્ગની મીટીંગ કરી યુવા મોરચાની પણ તૈયારીઓ કરવામાં આવશે. જોકે, હાલ ફક્ત સંઘઠન મજબૂત બનાવવા માટે કુકરવાડા ગામ બાદ તાલુકાના અન્ય ગામોમાં પણ મીટીંગ શરૂ કરવામાં આવશે.

જે કાર્યક્રમોની યાદી ટુંક સમયમાં બહાર પાડવામાં આવશે.

# નવાગામમાં પૈસાની લેતી દેતી મુદ્દે બે ટ્રાન્સપોર્ટના ધંધાર્થી બાખડયાઃ બેને ઇજા

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

નવાગામમાં અલી રોડવેઝમાં પૈસાની લેતીદેતી બાબતે ભરવાડ યુવક પર બે શખ્સોએ હુમલો કર્યો હતો.જ્યારે વળતા હુમલામાં હુમલાખોરને પણ ઇજા થવા પામી હતી. બી ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કુવાડવા હાઇવે પર માલધારી ગાર્ડન રેસ્ટોરન્ટ પાછળ રહેતા દર્પણ રોડવેઝ નામનું ટ્રાન્સપોર્ટ ધરાવતા પોપટ મંછા ધરાગિયા ( ઉ.વ ૩૦) એ પોતાના મિત્ર સુરસિંહ વાળા સાથે નવાગામમાં અલી રોડવેઝ ટ્રાન્સપોર્ટના ધધાર્થી ગફરભાઇ પાસે રૂ.૪૦,૦૦૦ ની ઉઘરાણી કરવા ગયા હતા.જે બાબતનું મનદુઃખ રાખી ગફરભાઇ તથા હુસેન દાઉદ ઠેબાએ પાઇપ - છરી વડે હુમલો કરતા પોપટભાઈ ભરવાડને ઇજા થવા પામી હતી . જ્યારે સુરસિંહ વાળાએ વળતો હુમલો કરતા હુસેન દાઉદ ઠેબા ( ઉ.વ ૪૨) ને ઇજા થતાં પણ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બી ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલના બિલિયાળા ગામે પિતા સામે ફરિયાદ દાખલ થતા પુત્રીએ ઝેર પીધુ

## સરપંચ સહિત ત્રણ શખ્સો ખોટી રીતે પરેશાન કરતા હોવાનો પરિવારજનોનો આક્ષેપ



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૧૮

ગોંડલ તાલુકાના બિલિયાળા ગામે રહેતા પરિવાર પર પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસ અને ફરિયાદ નોંધાવનાર શખ્સો પરેશાન કરતા હોવાના આક્ષેપ સાથે યુવતીએ ઝેરી દવા ગટગટાવી લીધી હતી.યુવતીને ઝેરી અસર થતાં સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવી હતી

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ગોંડલ તાલુકાના બિલિયાળા ગામે રહેતી બંસીબેન રઘુભાઈ ધ્રાંગીયા નામની ૧૮ વર્ષની યુવતીએ બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી યુવતીને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ અંગે પ્રાથમિક પૂછપરછમાં ઝેરી દવા પી લેનાર યુવતીના પિતા રઘુભાઈ અને ગામના સરપંચ સહિતના શખ્સો વચ્ચે નજીવા પ્રશ્ને ઝઘડો થયો હતો જેમાં રઘુભાઈ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસ અને ફરિયાદ નોંધાવનાર શખ્સો પરેશાન કરતા હોવાથી યુવતીએ ઝેરી દવા પી લીધી હોવાનો યુવતીના પરિવારે આક્ષેપ કર્યો છે આક્ષેપને પગલે ગોંડલ તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૨૧ મીએ ગાંધીનગર આવશે




## રસીકરણદ્વરથયાત્રાના મુદ્દે કરશે ચર્ચા

(એજન્સી સમાચાર)

ગાંધીનગર,તા.૧૮

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી તા. ૨૧ જૂનના રોજ ગાંધીનગર ખાતે આવી રહ્યા છે .વિશ્વ યોગ દિવસ ના દિવસે ગાંધીનગર મહાનગરપાલિકા આયોજિત સેક્ટર ૨૮ ની વસંતકુવરબા હાઇસ્કુલ પાછળના ખુલ્લા મેદાનમાં વૃક્ષારોપણ ના કાર્યક્રમમાં વર્ચ્યુઅલ હાજરી આપશે તેમજ સાંસદના આદર્શ ગામ તરીકે પસદં કરેલા પાલ અને કોલવડા સાથે વેકિસનેશન ના કાર્યક્રમમાં વિશેષ હાજરી આપનાર છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં વેકસીનેશનની કામગીરી થોડીક ધીમી ચાલી રહી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં પહેલો ડોઝ લેનાર ૬.૨૧લાખ લોકો છે. બીજો ભાગ લેનાર ૧.૫૧ લાખ લોકો છે.વેકસીનેશનની ખૂબ જ ધીમી કામગીરીને લઈને સાંસદ અમિત શાહ ગ્રામ્ય વિસ્તારની મુલાકાતે જઈ રહ્યા છે. છેલ્લે અમિત શાહ ગાંધીનગરની મુલાકાતે આવ્યા ત્યારે કોલવડા આયુર્વેદ હોસ્પિટલમાં ઓકિસજન પ્લાન્ટનું લોકાર્પણ કયુ હતું .તેમજ ગાંધીનગરમાં બારસો બેડની કોવીડ હોસ્પિટલ મહાત્મા મંદિર ખાતે નિર્માણની જાહેરાત કરી હતી. આ હોસ્પિટલ તૈયાર થઈ ગયા પછી તેવો ગાંધીનગર આવી રહ્યા છે સંભવતઃ આ હોસ્પિટલની મુલાકાત કરે તેવી શકયતા અત્યારે જોવાઇ રહી છે. સૂત્રોનું માનીએ તો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને આ મુલાકાત દરમિયાન તેઓ જગન્નાથ મંદિરે દર્શન કરવા જવાની સાથે આગામી રથ યાત્રા અંગે પણ મહત્વના સંકેતો આપી શકે છે.

# રાજકોટમાં ઝરમર, વિરપુર અને જેતપુરમાં વીજળીનાં કડાકા ભડાકા સાથે વરસાદ

## સવારથી જ અસહ્ય ગરમી અને ઉકળાટ બાદ મેઘરાજાની ધીમીધારે એન્ટ્રીઃ રસ્તા પર પાણી ફરી વળ્યાં



રાજકોટ.તા.૧૮

અસહ્ય ગરમી અને ઉકળાટ બાદ આજે રાજકોટ જિલ્લાના યાત્રાધામ વિરપુર અને જેતપૂરમાં વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો છે. સવારથી વાતાવરણ ગોરંભાતા આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયું હતું. અચાનક વીજળીનાં કડાકા ભડાકા સાથે ધીમી ધારે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. વિરપુર અને જેતપુરના વિવિધ વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ વરસતા રસ્તા પર પાણી ભરાય ગયા હતાં. આ ઉપરાંત રાજકોટ શહેરમાં સવારથી ઝરમર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

વિરપુરમાં વરસાદ વરસતા લોકોએ ગરમીમાંથી રાહત મેળવી હતી. તેમજ અનેક વિસ્તારમાં લાઈટ ગુલ થયાની ફરિયાદ પણ મળી હતી. ભારે બાફરાં વચ્ચે વરસાદ આવતા વાતાવરણ ઠંડુ બની ગયું છે. પંથકમાં વરસાદ વરસતા આગોતરા પાકનું વાવેતર કરતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. રાજકોટનાં ગ્રામ્ય વિસ્તારમાં પણ ભારે પવન સાથે વરસાદ પડ્યો છે.

આજે જેતપુર પંથકમાં ભારે પવન-ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. જેનાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. વાવણીલાયક વરસાદની ખેડૂતો રાહ જોઇ રહ્યા છે. ગઈકાલે રાજકોટ જિલ્લામાં વરસેલા વરસાદની વાત કરીએ તો લોધીકામાં ૧ ઇંચ, જસદણમાં ૭ મિમી, ધોરાજીમાં પોણો ઇંચ અને કોટડાસાંગાણીમાં ૦.૫ ઇંચ સહિત જિલ્લામાં કુલ ૨ ઇંચ વરસાદ નોંધાયો હતો.

રાજકોટના મોરબી રોડ, આજીડેમ, ગ્રીનલેન્ડ ચોકડી, અમુલ સર્કલ સહિતના વિસ્તારોમાં આજે વહેલી સવારે ઝરમર વરસાદ વરસ્યો હતો. આથી રસ્તાઓ ભીના થયા હતા. જ્યારે સરધારમાં વરસાદી ઝાપટુ વરસી જતા રસ્તા પર પાણી વહેવા લાગ્યા હતા. રાજકોટમાં છેલ્લા એક અઠવાડિયાથી લોકો અસહ્ય ગરમીથી ત્રસ્ત બન્યા છે. તેમજ વાદળછાયા વાતાવરણને કારણે બફારાનું પ્રમાણ પણ વધ્યું છે.

રાજકોટમાં છેલ્લા ઘણા દિવસથી અસહ્ય ગરમી અને બફારો થઇ રહ્યો છે. જેના કારણે રાજકોટવાસીઓ વરસાદની આતૂરતાથી રાહ જોઇ રહ્યા હતા. શહેરમાં ગઇકાલે સાંજે મેઘસવારી આવી પહોંચી હતી. શહેરના અમુક વિસ્તારોમાં ધોધમાર તો અમુક વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ વરસ્યો હતો. જેમાં મોરબી રોડ, જામનગર રોડ, ગોંડલ રોડ, કુવાડવા રોડ, કાલાવડ રોડ, માધાપર ચોકડી, રામાપીર ચોકડી, ગ્રીન લેન્ડ ચોકડી સસહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો.

# ગોંડલના યુવાને કોવિડ વોર્ડમાં નશો કર્યા બાદ ઝેરી લિકવિડ પીતા ગંભીર

રાજકોટ, તા.૧૮

રાજકોટ સિવિલ હોસ્પિટલના કોવિડ વોર્ડમાં દાખલ યુવાને ગાંજાનો નશો કર્યા બાદ કોઈ લિકવિડ પી આપઘાત કર્યાની આશંકાએ ઇમરજન્સી વોર્ડમાં ખસેડાયો હતો.ગોંડલ ગુંદાળા હાઇવે પર પેટ્રોલ પંપ પાસે રહેતા પપૂ પ્રતાપ સલાટ ( ઉ.વ ૨૫ ) ને ગત તા ૧૫ ના રોજ કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતા રાજકોટ સિવિલના કોવિડ વોર્ડમાં ખસેડાયો હતો. જ્યાં ગાંજાનો નશો કર્યા બાદ કોઈ કારણસર ઝેરી લીકવિડ પી લેતા બેભાન થઇ જતાં ઇમરજન્સી વિભાગમાં ખસેડયો હતો. રિપોર્ટ નેગેટિવ હોવાનું તથા એમલસી જાહેર કર્યાનું ડો.નિધીએ જણાવ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા.૧૮-૦૬-૨૦૨૧, શુક્રવાર, જેઠ વદ-૮, સૂર્યોદય-૫-૨૨, સૂર્યાસ્ત-૭-૨૦, જૈન નવકારશી-૮-૧૦,

આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ ઉત્તર ફાલ્ગુની

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# ગોંડલના ચોરડી ગામે જમીન પચાવી પડતા મહિલા સહિત ત્રણ સામે લેન્ડ ગ્રેબીંગનો ગુનો નોંધાયો

## ગોંડલની કહી મહિલાએ ફેક્ટરી શરૂ કરવા ખરીદેલ જમીનમાં સરકારી ખરાબાની જમીન હોવાનું કહીં બોગસ કાગળો બનાવ્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

ગોંડલનાં ચોરડી ગામની સીમમાં આવેલી મહિલાની ખાનગી માલિકીની સાડા પાંચ વીઘા જમીનમાં બોગસ કાગળો ઉભા કરી મહિલા સહિત ત્રણ શખ્સોએ જમીન પચાવી પાડતા એન્ટી લેન્ડ ગ્રેબીંગ હેઠળ ગુનો નોંધાયો છે. આ અંગેની વિગત મુજબ ગોંડલમાં આવેલી કૈલાશબાગ સોસાયટીમાં રહેતી જયાબેન મનસુખભાઈ ગજેરા નામની મહિલાએ અગાઉ ગોંડલનાં ચોરડી ગામની સીમમાં સાડા પાંચ વીઘા જમીન ફેક્ટરી શરુ કરવા ખરીદ કરી હોય જે જમીનને ગોંડલનાં બંધીયા ગામનાં ઓમદેવસિંહ ઇન્દ્રજીતસિંહ વાઘેલા, ચોરડીનાં રાજેન્દ્રસિંહ મહાવીરસિંહ ઝાલા તથા ગોંડલની સંજય સોસાયટીમાં રહેતી જીજ્ઞા રાજેશ રાજયગુરુ સહિત ત્રણેય આરોપીઓએ મળી ગુનાહિત કાવતરું રચી ફરિયાદીની જમીનને સરકારી ખરાબાની જમીન છે અને તેના આરોપી જીજ્ઞા રાજેશ રાજ્યગુરુએ પેટ્રોલ પંપ બનાવવા માટે સરકારમાં જમીનની માંગણી કરેલ છે. તેમજ આરોપી ઓમદેવસિંહ વાઘેલા તથા રાજેન્દ્રસિંહ ઝાલાએ જમીનમાં લીઝની માંગણી કરેલ છે. તેવા ખોટા બહાના હેઠળ ફરિયાદીએ તેની જમીનમાં કરેલ ફેન્સીંગ કાઢી નાખી ફરિયાદી મહિલાને તેની જમીનમાં પ્રવેશ કરવા નહીં દઈ બળજબરીથી પચાવી પાડી ગુનો કરતા મહિલાએ કલેકટરમાં એન્ટી લેન્ડ ગ્રેબીંગ હેઠળ ફરિયાદ નોંધવા અરજી કરનારા કલેકટરે ગુનો દાખલ કરવા હુકમ કરતા ગોંડલ વિભાગનાં ના.પો.અધિકારી પી.એ.ઝાલા સહિતનાં સ્ટાફે મહિલા સહિત ત્રણ સામે એન્ટી લેન્ડ ગ્રેબીંગ હેઠળ ગુનો નોંધ્યો છે.

# જગન્નાથ મંદિરમાં તૈયારીઓ શરૂ

(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા.૧૮

અમદાવાદમાં રથયાત્રા નીકળશે કે નહિ તે અંગે હજી કોઈ નિર્ણય લેવાયો નથી. પરંતુ બીજી તરફ, જગન્નાથ મંદિરમાં તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. રથયાત્રાને લઈ ભગવાનના વાઘા તૈયાર થઈ રહ્યા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ભગવાનના વાઘા માટે કપડું ગોકુળ, મથુરાથી મંગાવવામાં આવ્યું છે. આ વાઘા પર જરદોશી, પેચ અને કુંદન વર્ક કરવામાં આવશે.

# એકસાઈડ લાઈફ ઈન્સ્યોરન્સ અને વરાછા બેંક દ્વારા ખાતેદારના પરિવારને રૂ.૮ લાખનો ચેક એનાયત



## પ્રધાનમંત્રી જીવનજ્યોત વીમા યોજના અંતર્ગત રૂ. ૨ લાખની સહાય

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત, તા.૧૮

વરાછાબેંકના ખાતેદારો અને તેમના પરિવારોને વીમા સુરક્ષા કવચથી સુરક્ષિત કરવાના નિર્ધાર સાથે છેલ્લા ૮૦ વર્ષથી બેંક દ્વારા વીમા વિભાગ શરૂ કરવામાં આવેલ. જેના માર્ગદર્શક એવા બેંકના માજી.ચેરમેન કાનજીભાઈ ભાલાળાના પ્રોત્સાહન થકી તમામ ખાતેદારોમાં વીમા અંગે જાગૃતિ આવે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવે છે. વરાછાબેંક દ્વારા લાઈફ ઈન્શ્યોરન્સ માટે ૩ કંપની તેમજ જનરલ ઈન્શ્યોરન્સ માટે ૩ કંપની સાથે ટાઈ-અપ કરીને વીમાં સેવા આપવામાં આવી રહી છે. જે અંતર્ગત વરાછાબેંકના ખાતેદાર સ્વ.વિજયકુમાર વઘાસીયાએ એકસાઈડ લાઈફ ઈન્શ્યોરન્સની જીવનવીમા પોલિસી લીધી હતી. કોરોનાના કારણોસર વિજયભાઈનું અવસાન થતાં તેમના વારસદારને માત્ર ૧૧ દિવસમાં કંપની દ્વારા કલેઈમ પ્રોસેસ કરીને આજરોજ વરાછાબેંકના ચેરમેન ભવાનભાઈ નવાપરા, વીમા મેનેજર ભરતભાઈ જોશી તેમજ એકસાઈડ લાઈફ ઈન્શ્યોરન્સના સિનીયર કલસ્ટર હેડ દિપકભાઈ ગજેરાના હસ્તે રૂા. ૬.૩૪ લાખની વીમા રકમનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. જયારે પ્રધાનમંત્રીની જીવનજયોત વીમા યોજના અંતર્ગત રૂા. ૨ લાખની વીમા રકમ પણ વારસદારના ખાતામાં માત્ર ૧૧ દિવસમાં જમા થઈ ચુકી છે. આમ, વારસદાર ગં.સ્વ, જયોત્સનાબેન વિજયભાઈ વઘાસીયાને કુલ ૮.૩૪ લાખની વીમા રકમ મળવાપાત્ર થઈ હતી. આ પ્રસંગે કતારગામ શાખા મેનેજર હિતેશભાઈ બુધેલીયા, કતારગામ શાખા વિકાસ કમીટી સભ્યઓ તેમજ એકસાઈડ લાઈફ ઈન્શ્યોરન્સ કર્મચારી સતીપભાઈ રોકડ ઉપસ્થિત રહયા હતા.

### વાલીઓ, શિક્ષકો અને સંચાલકો દ્વારા

# જીનિયસ સ્કૂલના ૨૧માં સ્થાપના દિવસે પર ૧૦૦ વૃક્ષો વાવીને ઉજવણી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૮

રાજકોટની પ્રતિષ્ઠિત જીનિયસ સ્કૂલની સ્થાપનાના ૨૧ માં વર્ષમાં પ્રવેશ દિવસની ખાસ ઉજવણી સંસ્થા સાથે સંકળાયેલા વાલીઓ, શિક્ષકો, કર્મચારીઓ, શુભેચ્છકો અને સંચાલકોએ સાથે મળીને મોટામવામાં, રંગોલી પાર્ક પાછળ આવેલ અર્બન ડેક કાફે પાસે ૧૦૦ વૃક્ષો વાવીને કરી હતી. પ્રતિ વર્ષે સંસ્થા દ્વારા સ્થાપના દિવસ નિમિત્તે શહેરના જુદા-જુદા વિસ્તારોમાં પર્યાવરણલક્ષી પ્રવૃતિ મોટા પાયે યોજવામાં આવે છે પરંતુ આ વર્ષે કોરોનાની વિષમ પરિસ્થિતિના કારણે મર્યાદિત સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહીને વૃક્ષારોપણ કર્યુ હતું. કોરોના કાળમાં સમગ્ર માનવજાતને પ્રાણવાયુની અછતથી કેવા પરિણામો મળે છે તે સમજાયુ છે. પ્રાણવાયુનું સર્જન કરતા વૃક્ષો રોપવા અને ઉછેરવાથી આવનાર પેઢીને તેનો ફાયદો મળશે અને ગ્લોબલ વોર્મીંગ જેવી પરિસ્થિતિઓ સામે લડી શકશું તેવું સંસ્થાના ચેરમેન ડી. વી. મેહેતાનું દ્રઢપણે માનવું છે. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં રંગોલી પાર્કના વિજયભાઈ કોરાટે કાર્યક્રમમાં સેવા આપવા આવેલ સભ્યોની સાથે રહીને પુરો સહયોગ આપ્યો હતો. તેમજ સદ્ભાવના વૃધ્ધાશ્રમના વિજયભાઈ ડોબરિયા દ્વારા સામાજીક પ્રવૃતિને પ્રોત્સાહન આપવા માટે રોપાઓ અને ટ્રી-ગાર્ડ ભેંટ આપ્યા હતા. આ તકે જીનિયસ ગ્રુપ દ્વારા ૧૦૦ રોપાઓ રોપવા, ઉપરાંત તેની સંભાળ લેવાનું અને ઉછેરવાની પણ જવાબદારી ઉપાડવાનો સંકલ્પ જાહેર કરાયો હતો.

સંસ્થાના ચેરમેન ડી વી મહેતા પર્યાવરણના હિત માટે અને આવનાર પેઢીને શુધ્ધ વાતાવરણ પુરુ પાડવાના હેતુ માટે યોજાયેલ આ કાર્યક્રમમાં જોડાવા બદલ તમામ વાલીઓ, કાર્યકરો, શિક્ષકો, શુભેચ્છકો તેમજ રંગોલી પાર્કના વિજયભાઈ કોરાટ અને સદ્ભાવના વૃધ્ધાશ્રમના વિજયભાઈ ડોબરિયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# યૌન શોષણ ઘટનાની તપાસના આદેશને આવકારતુ બ્રહ્મસેના

## જામનગર કોવિડ હોસ્પીટલમાં બહેનોની સતામણીમાં સામેલ ગુનેગારોને કડક સજાની માંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮



રાજકોટ તા.૧૮ તાજેતરમાં જામનગર સરકારી કોવીડ હોસ્પીટલમાં નોકરી કરતી બહેન દીકરીની સતામણી તથા યૌન શોષણની ઘટના બહાર આવેલા હોય જે ગુજરાત રાજ્યોને કલંકિત કરનાર હોય ત્યારે આ ઘટનામાં તમામ ગુનેગારોને કડક માં કડક સજા થાય અને તત્કાલ તપાસ થાય એવા આદેશ મુખ્યમંત્રી ગૃહ મંત્રી અને આરોગ્ય સચિવ દ્વારા અપાયેલ હોય જેને સમર્થન અર્થે બ્રહ્મસેના-સૌરાષ્ટ્ર પ્રાંત તથા જામનગર શેહેર જીલ્લા દ્વારા સભ્ય હોદેદ્વારો દ્વારા ઉચકક્ષાની તપાસની માંગને આવકારી છે, તથા આ કલંકિત ઘટનામાં કોઈપણ નાલાયક ગુનેગાર ન બચ્ચે એવા આદેશ વ્યકત કરેલ. બ્રહ્મસેના-સ્થાપક અધ્યક્ષ જગદીશ સવાની યાદી જણાવે છે.

# મેઘરાજાની મહેર થતા બફારાથી રાહત



(અમારા પ્રતિનિધિ દ્વારા) મોટાદડવા: આખો દીવસ અસહ્ય બફારો રહ્યા પછી સમી સાંજના મેઘરાજા થોડા વરસતાં ગરમીમાં થોડી રાહત થવા પામી હતી.જો કે આખા દિવસની ગરમીના થોડા વરસાદથી લોકોમાં અસંતોષ જોવા મળ્યો હતો.(૧૩.૧)

# ગંગા દશહરા, ગંગાજી અવતરણઃ ગંગાજી પૂજન



સંકલનઃ શાસ્ત્રી બટુક મહારાજ
(સ્વામિનારાયણ મંદિરના પૂજારી કાળીપાટ)

રાજકોટઃ પુરાણોના મત મુજબ જેઠ શુદ ૧ (એકમથી) જેઠ શુદ ૧૦ દશમના દિવસો સુધી ગંગાજીનો ઉત્સવ થાય છે, જેઠ શુદ દશમના દિવસે ગંગાજી સ્વર્ગલોકમાંથી પૃથ્વી લોક ઉપર પધાર્યા અને દશ ઇન્દ્રિયો ઉપર વિજય આપાવીને પ્રભુ મિલનની ઈચ્છાપૂરી કરી શ્રીમદભાગવતની અંદર ગંગાજીના ત્રણ સ્વરૂપ છે (૧) આંધી ભોતિક સ્વરૂપ (૨) આધ્યાત્મિક સ્વરૂપ (૩) આદી દેવિક ગંગાજી સ્વર્ગલોકમાં વહેતા હોવાથી સરિતા કહેવામાં આવે છે વામન ભગવાને બલિરાજા પાસે ત્રણ ડગલા પૃથ્વી માંગી અને બલીરાજયે પૃથ્વી આપવાનો સંકલ્પ કર્યો વામન ભગવાને પ્રથમ પગલું પૃથ્વીપર ધર્યું અને બીજું પગલું સ્વર્ગલોક ઉપર ધર્યું વામનભગવાનનો આ ચમત્કાર જોઈ દેવો ગભરાય ગયા અને બ્રહમાંજી પાસે ગયા અને રક્ષા કરવા વિનંતી કરી પવિત્ર જળથી પ્રભુના પગ ધોયા અને પૂજન કર્યું આથી વામન ભગવાન પ્રસન થયા ભગવાન શ્રી હરિના ચરણકમળ માંથી ગંગાજી પ્રગટ થયા તેથી ચરણ પંજા કહેવાયા અને ગંગાજીના સ્વર્ગલોક માંથી અવતરણની કથા પણ છે રાજા ભગીરથે પૂર્વજોના આત્માના કલ્યાણ (મોક્ષાર્થે) તપ કરતા, ગંગાજી પ્રસન થયા અને પૃથ્વી પર અવતરણ કર્યું ભગવાન શિવજીની જયદ્વારા ગંગાજીના પૃથ્વી પર અવતરણ કર્યું ભગવાન શિવજીની જયદ્વારા ગંગાજીએ પૃથ્વી પર આવતરણ કર્યું જેથી જેઠ શુદ ૧૦ દસમને દિવસે ગંગાજીનું પૂજન કરવામાં આવે છે. અને ગંગાદશહરાનું મહાત્મ છે ગંગાજીને કોટી કોટી વંદન...

# હળવદ તાલુકા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન પદે કણઝરીયા બિનહરીફ



(અમારા પ્રતિનિધિ દ્વારા)

હળવદ,તા.૧૮

હળવદ તાલુકા પંચાયતમા કારોબારી સમિતિના ચેરમેન પદે તાલુકા પંચાયત માલણીયાદ બેઠકના સદસ્ય મનસુખભાઇ કણઝરીયાની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. હળવદ તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારી અમૃતભાઈ સંઘાણીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં તાલુકા પંચાયત પ્રમુખ બકુબેન પઢીયાર, ઉપપ્રમુખ નિલેશભાઈ ગામી સહિત તાલુકા પંચાયત ના સદસ્ય હાજર રહ્યાં હતાં.બેઠકમાં ન્યાય સમિતિના ચેરમેન તરીકે ધનશ્યામપુર બેઠકના નિરુબેન લીલાપરા અને દંડક તરીકે રમેશભાઈ ઝિઝુવાડીયાની નિમણુંક કરવા માટે ભાજપ પાર્ટીએ મેન્ડેટ આપ્યો છે. તાલુકા પંચાયતના સદસ્યો અને ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### સપ્ત સંગીતિ ૨૦૨૧ કલાસિકલ મ્યુઝિક વર્ચ્યુઅલ કોન્સર્ટ

# પ્રથમ પ્રિમિયર શોમાં યુવા શાસ્ત્રીય ગાયિકાની પ્રસ્તુતીને અદ્ભૂત પ્રતિસાદ



## ૨૭ જુને યોજાનાર કાર્યક્રમમાં ષડજ ગોડખિંડીનું બાંસુરીવાદન માણવા મળશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૮

નિઓ રાજકોટ ફાઉન્ડેશનની પરંપરા અનુસાર દેશના નામાંકિત કલાકારો ઉપરાંત શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે ઉભરતી પ્રતિભાઓને મંચ પુરુ પાડવાના હેતુથી તથા હાલની કોરોના પરિસ્થિતિને અનુરુપ સંસ્થા દ્વારા સપ્ત સંગીતિ ૨૦૨૧ કલાસિકલ મ્યુઝિક વર્ચ્યૂઅલ કોન્સર્ટ સીરિઝનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સીરિઝના પ્રથમ વર્ચ્યૂઅલ પ્રિમિયર શોમાં ગત રવિવારે આગ્રા ઘરાનાની શૈલીના યુવા કલાકારા પ્રિયા પુરુષોત્તમનના ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને યુટયુબના ઓનલાઈન માધ્યમથી યોજાયેલ કાર્યક્રમને ન ફકત દેશના પણ વિદેશના કલાપ્રેમી શ્રોતાઓની પણ ભરપૂર સરાહના પ્રાપ્ત થયેલ હતી.

કાર્યક્રમની શરુઆતમાં પ્રિયા પુરુષોત્તમને રાગ બિહાગમાં બડા ખ્યાલમાં તેમના ગુરુ પંડિત દિનકર કૈકીની એ સ્વરબધ્ધ કરેલી રચના તેમજ મધ્ય લયમાં પૈંજનિયા છનકે છમકન લાગી બંદિશ તાલ તિનતાલમાં અને અંતભાગમાં તરાનો રજુ કર્યો. સભાના બીજા ભાગમાં રાગ પરજમાં, બંદિશ પમન મોહન બ્રિજ કો રસિયાથની ત્રિતાલમાં, આલાપ-તાન-બોલતાન સાથે શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતી રજૂઆત કરી હતી. અંતમાં તેણીએ દ્રુતલયમાં પમો કો રોકોના પનઘટ પે જાને દોથ બંદિશ તિનતાલમાં રજૂ કરી હતી. આ પ્રસ્તુતિ માં પ્રિયાજી સાથે હાર્મોનિયમ પર પંડિત વ્યાસમૂર્તિ કટ્ટી તથા તબલા પર સાગર ભારથરાજ એ સંગત આપી હતી.

આ વર્ચ્યૂઅલ કોન્સર્ટ સીરિઝ જુનથી ડિસેમ્બર ૨૦૨૧ સુધી દર મહિને દેશના ખ્યાતીપ્રાપ્ત બે કલાકારોના ગાયન-વાદનના કાર્યક્રમોના પ્રિમિયર શો પ્રસ્તુત કરશે, જેને દેશ-વિદેશના કલારસિકો ઘરબેઠા માણી શકશે.

આ સીરિઝની આગામી પ્રસ્તુતી તા.૨૭ જુન રવિવારના રોજ રાત્રે ૯ કલાકે જાણીતા કલાકાર ષડજ ગોડખિંડીના બાંસુરીવાદનનો પ્રિમિયર ખાસ સપ્ત સંગીતિના દર્શકો માટે યોજાશે. જેમાં આ સુરીલા કલાકારાને સાંભળવાનો લ્હાવો સપ્ત સંગીતિના ફેસબુક પેજ, ઈન્સ્ટાગ્રામ પેજ અને યુ-ટ્યુબ ચેનલના માધ્યમથી બિલકુલ નિઃશુલ્ક લઈ શકાશે.

### બેટી બચાવો બેટી પઢાવો સંદર્ભે

# રાજકોટ જિલ્લાકક્ષા ટાસ્કફોર્સ કમીટીની બેઠક સોમવારે યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

ભારત સરકાર દ્વારા સ્ત્રી-પુરૂષ જાતિદર રેશીયો નિયંત્રણમાં લેવા દિકરી જન્મને પ્રોત્સાહીત કરવા અને દિકરીઓના શિક્ષણ અને સુરક્ષા માટે રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં બેટી બચાવો બેટી પઢાવો યોજના અમલી છે. બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત રાજયના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ અન્વયે રચાયેલી રાજકોટ જિલ્લા ટાસ્ક ફોર્સ કમિટીની બેઠક જિલ્લા કલેકટર રેમ્યા મોહનની અધ્યક્ષતામાં તા.૨૧/૬ના રોજ સાંજે ૫-૩૦ કલાકે કલેકટર કચેરી ખાતે યોજાશે. જેમાં કમીટીના સભ્યઓ એવા સબંધીત વિભાગોના અમલીકરણ અધિકારીઓને ઉપસ્થિત રહેવા જિલ્લા મહિલા અને બાળ અધિકારી રાજકોટની યાદીમાં જણાવાયું છે.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## ડી.કે.એન્ટરપ્રાઈઝ (અમૂલ પાર્લર) ની એજન્સીને સસ્પેન્ડ કરી, પુરવઠો સ્થગિત કરાયો

થાબડી, સહજાનંદ ફૂડઝની ચોકોલાઇવ આઈસ્કીમનો નમુનો સબસ્ટાડ જાહેર થઇ હતી.આ ઉપરાંત શહેરના ફરિયાદી ભુપતભાઇ ભોજાણી દ્વારા રાજકોટ સ્થિત પંચનાથ મંદિર, ડો.આર.પી.રોડ સ્થળે આવેલ ડી.કે.એન્ટરપ્રાઇઝ - અમુલ પાર્લર (ધવલ શશીકાંતભાઇ કારીયા) અંગે ગાંધીનગર FDCA ને ઓનલાઇન ફરિયાદ કરેલ હતી. ફરિયાદીની ફરિયાદની વિગત અન્વયે ફરિયાદીએ અમુલ પાર્લર પાસેથી ચોકોબાર ખરીદતા તેમણે અમુલ પાર્લર હોવા છતાં અન્ય લોકલ ડીલાઇટ બ્રાન્ડની ચોકોબાર આપેલ. જેની તેમણે ગાંધીનગર ફરિયાદ કરતા આ ફરિયાદ રાજકોટ મહાનગરપાલિકાના ફુડ વિભાગને તપાસ માટે જાણ કરેલ. ફુડ વિભાગ દ્વારા સ્થળ તપાસ કરતા ડી.કે.એન્ટરપ્રાઇઝ - અમુલ પાર્લર (ધવલ શશીકાંતભાઇ કારીયા) અન્ય બ્રાન્ડની પણ ખાધસામગ્રી વેંચાણમાં આવતી હતી. સ્થળ પર ફુડ સેફ્ટી ઓફિસર દ્વારા અન્ય લોકલ ડીલાઇટ બ્રાન્ડની ચોકોબારનો નમુનો લીધેલ તથા હાઇજીનીક કન્ડીશન અંગે નોટીસ આપેલ. અમુલ કંપનીના MOU તથા નિયમો અન્વયે અમુલ પાર્લરમાં કંપની દ્વારા નિયત કરેલ ખાધસામગ્રી વેચવાની મંજુરી મળતી હોય છે.ઉપરોક્ત કામગીરીનો અહેવાલ ગાંધીનગર FDCA અને ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશન ઓથોરીટીને મોકલેલ. ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશન ઓથોરીટીએ તાત્કાલિક અસરથી ડી.કે.એન્ટરપ્રાઇઝ - અમુલ પાર્લરની એજન્સી સસ્પેન્ડ કરેલ છે અને અમુલ પાર્લરમાં કંપનીમાંથી પુરવઠો ઇસ્યુ કરવાનું સ્થગિત કરેલ છે.

## જુના જોગી ધારાસભ્યો પર સર્જીકલ સ્ટ્રાઇક?

ટર્મ્સ એન્ડ કંડીશન હેઠળ જો પોતાને ટીકીટ ન મળે તો પોતાના રાજકીય વારસદારને ટીકીટ મળે તે માટે અત્યારથી રાજસતાનાં વારસદારોનું બ્રાંડીગ કરવાની શરૂઆત કરવાનું વિચારતા થયા છે.સી.આર.પાટીલનું પ્રદેશ પ્રમુખ થયા બાદ ભાજપ પ્રદેશ માળખાના જોમવંતુ બનાવતા કોર્પોરેટર સ્ટાઇલથી કામ કરવાનું શરૂ કર્યું હતું. પક્ષ કરતા વધુ કદ કાઢી ગયેલા કદાવરોને તેમણે કદ પ્રમાણે વેતરી નાખ્યાહતા. તેઓ સામે જ્ઞાતિ આધારિત સમીકરણો સહિત અનેક પડકારો હતા. તેમ છતાં દબાણમુકત રહીને પક્ષીય માળખાને કડવા ડોઝ આપી ઝળહળતી સફળતા અપાવી હતી.કેન્દ્રીય નેતાગીરી પણ પાટીલભાઉની થીયરીથી પ્રભાવિત છે. સી.આર.પાટીલનું વધતું કદ અને દબદબો કેટલાયનું ભાવિ ઉજાળશેઅને કેટલાકનું ભાવિ ડૂબાડશે. એતો આવનારો સમય જ કહીં શકે છે.

## હોટલ પાર્કઈનમાં સગીરાને વેશ્યાવૃતિ માટે લાવવામાં આવી હોવાની પોલીસને દ્રઢ શંકા

સિવાઈ અન્ય કોઈ વિગત જણાવતી ન હોઈ જેથી બાળ સુરક્ષા અધિકારી નાઓએ સગીર બાળાનું વધુ કાઉન્સેલિંગ કરવા માટે સ્પેશ્યલ હોમ કોર ગર્લ્સમાં રાખવાના જણાવતા સગીર બાળાને વધુ કાઉન્સેલિંગ માટે મોકલવામાં આવી હતી. ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્સ એક્ટ ૧૯૫૬ ની કલમ-૩,૪,૫ મુજબ ગુન્હો દાખલ કરી પ્રભુભાઈ ઉર્ફે દાસભાઈ ચંદુભાઈ કકકડ (ઉ.વ ૫૬ રહે.જયંત કે.જી.સોસાયટી, ગોંડલ રોડ, સીટી રાઇટ ફ્લેટ ન.૩૦૪ ત્રીજી માળે, રામનગર), જયશ્રીબેન માનવીરભાઈ ઉર્ફે મુનાભાઈ ચાવડા (રહે- વડોદરા આજવા પેટ્રોલ પંપ પાસે ફ્લેટમાં રહે હાલ-નાલંદા વિધ્યા મંદિરની બાજુમાં સાપરિયા વાળી શેરી ન-૩), મેહુલભાઈ બેચરભાઈ તોરલીયા (ઉ.વ-૩૦ ધંધો-હોટલ પાર્ક ઈનમાં મેનેજર રહે ગાંધીગ્રામ આત્મન એપા) ની ધરપકડ કરી હતી. પ્રનગર પોલીસ મથકના પી.આઈ.એલ એલ ચાવડા અને મહિલા પોલીસ મંથકના પી.આઈ એસ આર પટેલ દ્વારા ઝડપાયેલા આરોપીઓની સઘન પૂછપરછ કરવામાં આવી છે. સગીરાને હોટલના રૂમમાં ગોધી રાખી તેની પાસે વેશ્યાવૃતિનો ધંધો કરવાના હોવાની પોલીસને દ્રઢ શંકા હોવાથી પોલીસ ઝડપાયેલ હોટલના મેનેજર અને મહિલા તથા પુરુષ દલાલના મોબાઈલ તથા સગીરાના મોબાઈલ છેલ્લા બે મહિનાની ડીટેલ ચેક કરવામાં આવી રહી છે.

## કચરાના ઢગલાની ફરીયાદનો ૪૮ કલાકે નીકાલ કરતું મનપા!

કયારે થતો હશે? મેયર દ્વારા એમ કહેવામાં આવે છે કે જો ગાર્બેજની ફરીયાદ હોય તો તેનો નીકાલ ૨ થી ૩ કલાકમાં જ આવી જાય છે. પણ હકીકત કંઇક અલગ જ જોવા મળે છે. તો શું લોકોએ ફરીયાદ કરીને બે દિવસ રાહ જોવી પડશે કે કયારે નીકાલ થશે તે? આ મામલે મેયર દ્વારા યોગ્ય અધીકારીઓનું ધ્યાન દોરવુ જરૂરી છે. આ મામલે વોર્ડ ઓફીસરને પૂછતા તેઓએ એવું જણાવ્યું કે, ૨૪ કલાક જેટલો સમય લાગે છે. તો ૪૮ કલાકનો સમય કેમ લાગ્યો તે પણ વીચારવા જેવી વાત છે.

## ડોક્ટર પર થતા હુમલાના વિરોધમાં PDU મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ કાળા વસ્ત્રો ધારણ કર્યા

કડકમાં કડક સજા કરવા માંગ કરી હતી. દેશભરમાં ડોક્ટરો પર હુમલો થાય છે જેને લઇને પણ વિદ્યાર્થીઓએ વિરોધ દર્શાવ્યો હતો.દેશમાં તબીબો પર થતા હુમલાના વિરોધમાં ઇન્ડિયન મેડિકલ એસોસિયેશન દ્વારા આજે મેડિકલ કોલેજના તબીબોએ દેખાવો કર્યો હતો. આરોગ્ય કર્મચારીઓ પર હુમલાના વારંવાર બનાવો બનતા રહે છે તેની સલામતીની જવાબદારી કેન્દ્ર અને રાજ્ય સરકારની છે. તેવું વિરોધ દરમિયાન તબીબોએ જણાવ્યું હતું.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## પાણીમાં હવે કોરોના વાઈરસ!

અમદાવાદ માટે પાણી ભરેલી સાબરમતી નદી અને રિવરફ્રન્ટ શાન સમાન ગણાય છે અને લોકો માટે તે નવું નજરાણું બન્યું છે પરંતુ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને પર્યાવરણ સુરક્ષા સમિતિ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરાયેલા અભ્યાસમાં સાબરમતીમાં ભયંકર પ્રદૂષણ છે. ખાસ કરીને અમદાવાદથી આગળ વધે છે તે પછી નદીમાં ગંદા પ્રદૂષિત પાણી સિવાય કંઇ વહેતું નથી, છેલ્લા ૧૨૦ કિલોમીટરમાં તે મૃત અવસ્થામાં છે. એટલું જ નહીં રિવરફ્રન્ટ પણ એક ગંદા પાણીના હોજથી વધુ કંઇ નથી તેવો દાવો પણ પ્રદૂષણને લગતા વિવિધ માપદંડોને ટાંકીને કરવામાં આવ્યો છે.નદીનો અમદાવાદ શહેરમાં પ્રવેશ થાય ત્યારે એક ટીપું પણ પાણી રહેતું નથી. સાબરમતી રીવરફ્રન્ટમાં વચ્ચે જઇને લીધેલા પાણીના સેમ્પલમાં પણ નિયત માત્રા કરતા વધુ પ્રદૂષણ જણાતા રિવરફ્રન્ટ પણ પ્રદૂષિત ગંદા પાણીથી ભરેલા હોજ સમાન છે. અહેવાલના તારણોમાં વધુમાં જણાવ્યા મુજબ રિવરફ્રન્ટ પછી નદીના નીચેવાસમાં નદીનું પોતાનું પાણી જ નથી. રિવરફ્રન્ટ પછીની સાબરમતીમાં જે પાણી દેખાય છે તે માત્ર નરોડા, ઓઢવ, વટવા અને નારોલના ઉદ્યોગોનો પ્રદૂષિત પ્રવાહી કચરો (એફ્લ્યુએન્ટ) અને અમદાવાદની ગટરનું ગંદુ પાણી જ વહે છે. રિવરફ્રન્ટ બનવાના કારણે ભૂગર્ભ જળમાં આ પાણી ઉતરતું બંધ થયું થતા અમદાવાદને નર્મદાના પાણી પર જ આશ્રિત રહેવું પડે તેવી સ્થિતિ સર્જાઇ ગઇ છે.તાજેતરમાં જ નાયબ મુખ્યમંત્રીએ જાહેરાત કરતા જણાવ્યુ છે કે, રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધમાં તારીખ ૧૩ મે ૨૦૨૧ ની સ્થિતિએ ૧૨૩.૩૮ મીટર લેવલ પાણીના જથ્થાનો સંગ્રહ થયેલો છે. આ પાણીનો રાજ્યના નાગરિકોને ઉનાળાની સિઝનમાં પીવાનુ પાણી પૂરૂ પાડવા અને ખેડૂતો-પશુપાલકો માટે યોગ્ય વપરાશ કરવા સમયબધ્ધ આયોજન કરાયુ છે. શહેરમાં નર્મદાના પાણીને ફિલ્ટર કરવા મ્યુનિ. દ્વારા ૨૭૫ એમએલડી અને ૧૨૫ એમએલડીના બે વોટર ફિલ્ટર પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે. બંને પૈકી ૨૭૫ એમએલડીના ફિલ્ટર પ્લાન્ટમાં બે વર્ષ પહેલા જ સાડા પાંચ કરોડનો ખર્ચ કરી તેને અપગ્રેડ કરવામાં આવ્યું છે.

## માતા બોલી, ઉભો થા, ઉભો થા અને માસૂમ જીવતો થયો

શરીરમાં હલનચલન થવા લાગી. આ જોઈને લોકો ચોંકયા અને તાત્કાલિક ધોરણે પુત્રને રોહતકની હોસ્પિટલમાં દાખલ કરાયો હતો જયાં તેનો સંપૂર્ણ સાજો થઈ ગયો અને હસતા હસતા ઘેર પાછો પણ આવી ગયો. બહાદુરગઢના રહેવાશી હિતેશ અને પત્ની જાહન્વીએ જણાવ્યું કે તેમના એકના એક પુત્રને ટાઈફોડ થયો હતો. સારવાર માટે તેને દિલ્હી લઈ જવાયો. ૨૬ મે ના દિવસ ડોકટરોએ તેને મૃત જાહેર કરી દીધો. ત્યાર બાદ અમે લાશ લઈને ઘેર આવ્યાં. જાહન્વી રડતા રડતાં પુત્રની લાશને હલાવીને તેને બેઠો થવાનો પોકાર કરી રહી હતી. થોડા સમય બાદ પુત્રના શરીરમાં પ્રાણનો સંચાર થયો. ત્યાર બાદ પિતા હિતેશે પુત્રને નનામીમાંથી બહાર કાઢ્યો અને તેને મોંઢેથી શ્વાસ આપવા લાગ્યા. કોઈકિ બાળકની છાતી પર પણ દબાણ આપવાનું શરૂ કર્યું. ત્યાર બાદ બાળકે પિતાના હોઠ પર દાંતી બટકું ભરી લીધું. પુત્રને તાત્કાલિક રોહતકની હોસ્પિટલમાં દાખલ કરાયો જયાં સઘન સારવાર બાદ તે સંપૂર્ણ સાજો થઈ ગયો હતો અને ઘેર પાછો ફર્યો હતો. જીવતો થઈને પાછો આવતા પુત્રનું ગામલોકોએ ભવ્ય સ્વાગત પણ કર્યું હતું.

## આણંદમાં આભ ફાટયું ૭ ઈંચ વરસાદ

ધોધમાર વરસાદે નગરમાં ઠેર ઠેર પાણી કરી દીધું હતું. આણંદ વિધાનગર રોડ, શાસ્ત્રી મેદાન વિદ્યાનગર, આણંદ અંબાજી મંદિર,લક્ષ્મી ટોકીઝ વિસ્તાર, વિદ્યાનગર રોડ લક્ષ્મી સિનેમા ગામડીવડ, રાજમહેલ રોડ સહિતના વિસ્તારોમાં જાહેર માર્ગો પર ભારે પાણી ભરાયા હતા. જાહેર માર્ગો ઉપર પાણી હોઈ, રોજ સવારે નિયમિત ચાલવા નીકળતા નાગરિકોને હાલ ઘરે જ બેસી રહેવાનો વખત આવ્યો છે. જાહેર માર્ગો ઉપર નદીની જેમ વહેતો ધસમસતો પ્રવાહ નજરે ચઢ્યો હતો. ઘણા ઉત્સાહી નાગરિકો આ માહોલને માણવા ગાડી લઈ નીકળ્યા હતા. તો બીજી તરફ દૈનિક ધંધા-રોજગાર નોકરીએ જતા લોકો પણ આ કારણે અટવાઈ પડ્યા હતા. આણંદમાં વરસાદી આગમનને કારણે નગરપાલિકાએ ચાલુ કરેલી પ્રી-મોન્સૂન કામગીરી અને વિકાસનાં કામોની ગતિ અવરોધાઈ છે. આણંદ જિલ્લાના આજે શુક્રવારે સવારના ૧૦ વાગ્યા સુધીના વરસાદી આંકડા મુજબ આણંદ તાલુકામાં ૧૭૦ મિમી, પેટલાદમાં ૪૮ મિમી અને ખંભાતમાં ૨૨ મિમી, બોરસદ ૧૫ મિમી, આંકલાવમાં ૮ મિમી અને સોજીત્રામાં ૪ મિમી, તારાપુરમાં ૨ મિમી અને ઉમરેઠમાં ૧ મિમી સામાન્ય વરસાદ નોંધાયો હતો.

## સુરતમાં ધોધમાર ૩ ઈંચ વરસાદ, ઠેર-ઠેર પાણી ભરાયાં

જિલ્લામાં વરસાદની આગાહી કરી છે. વરસાદનું આગમન થતાં જ લોકો તથા ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ છવાયો છે. આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં હજુ વરસાદી માહોલ જામશે. હવામાન વિભાગની આગાહી મુજબ, સુરત શહેર અને દક્ષિણ ગુજરાતમાં વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. વહેલી સવારથી જ વરસાદ અવિરતપણે વરસી રહ્યો છે. વાતાવરણ જોતાં દિવસભર આ જ પ્રકારે વરસાદી માહોલ રહેવાની શક્યતા દેખાઈ રહી છે.

## નરેન્દ્ર મોદી વૈશ્વિક નેતાઓની તુલનામાં આગળ

લોકપ્રિયતા અથવા એપ્રુવલ રેટીંગમાં ઘટાડો જોવા મળ્યો છે તેમ છતાં તે દુનિયામાં ટોપ પર છે અને અન્ય વૈશ્વિક નેતાઓની તુલનામાં તેમનુ પ્રદર્શન બહેતર છે. આ એપ્રુવલ રેટીંગમાં મોદી બાદ ઈટલીના વડાપ્રધાન મારિયો ડ્રેગીનો નંબર આવે છે. જેનુ એપ્રુવલ રેટ ૬૫ ટકા છે, જયારે ત્રીજા ક્રમે મેકિસકોના રાષ્ટ્રપતિ લોપેજ ઓબ્રેડોર છે, જેનુ રેટીંગ ૬૩ ટકા છે. અન્ય વૈશ્વિક નેતાઓની વાત કરીએ તો ઓસ્ટ્રેલીયાના વડાપ્રધાન સ્કોટ મોરિસન (૫૪ ટકા), જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલ (૫૩ ટકા), અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈન (૫૩ ટકા), કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો (૪૮ ટકા), બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસન (૪૪ ટકા), દક્ષિણ કોરિયાઈ રાષ્ટ્રપતિ મૂન જે ઈન (૩૭ ટકા), સ્પેનિશ સ્પેન પાડ્રો સાંચેજ (૩૬ ટકા), બ્રાઝીલના રાષ્ટ્રપતિ જાયર બોલ્સોનારો (૩૫ ટકા), ફ્રાન્સીસી રાષ્ટ્રપતિ ઈમેનુએલ મેક્રોન (૩૫ ટકા) અને જાપાની વડાપ્રધાન યોશીહિદે લુગા (૨૯ ટકા)નો સમાવેશ થાય છે.

## શહેર ભાજપ દ્વારા શ્રેણીબધ્ધ કાર્યક્રમો અંતર્ગત મેયર બંગલે બેઠક યોજાઈ

# શહેરના તમામ વોર્ડમાં સફાઈ ઝુંબેશના કાર્યક્રમો યોજાશે



ધનસુખ ભંડેરી, નિતીન ભારધ્વાજ, કમલેશ મિરાણી, મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ગોવીંદભાઈ પટેલ, અરવીંદ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, ડો. પ્રદિપ ડવ સહીતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા.

### યોગ દિવસ, બલિદાન દિવસ, કટોકટી દિવસ, વૃક્ષારોપણ સહિત યોજાનારા વિવિધ કાર્યક્રમોની માહિતી આપતા કમલેશ મિરાણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૧૮

પ્રદેશ ભાજપની સૂચના અનુસાર વિવિધ શ્રેણીબધ્ધ કાર્યક્રમોનું આયોજન થનાર હોય તે અંતર્ગત મેયર બંગલા ખાતે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીની અધ્યક્ષાતામાં તેમજ પ્રદેશ ભાજપ અગ્રણી નિતીન ભારદ્વાજ, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ગોવીંદભાઈ પટેલ, અરવીંદ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિહ ઠાકુર, મેયર ડો. પ્રદીપ ડવ, કશ્યપ શુકલ, રક્ષાબેન બોળીયા, કાશ્મીરાબેન નથવાણીની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. આ તકે તેમજ કમલેશ મિરાણીએ આગામી કાર્યક્રમો અંતર્ગત માહિતી આપતા જણાવેલ કે આગામી તા.૨૧ જૂનના વિશ્વ યોગ દિવસ પર સોશ્યલ ડીસ્ટસ્નીંગ સાથે શહેર ભાજપ આયોજીત કાર્યક્રમ તેમજ કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ ઘરે રહીને પણ યોગ કરી જીવનને તંદુરસ્ત બનાવીએ અને ઘરો રહો સ્વસ્થ રહો, સુરક્ષીત રહોના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સંકલ્પને સાકાર કરવા તેમજ તા.૨૧ જૂન યોગ દિવસ અંતગર્ત ગુજરાતભરમાં ભાજપ દ્વારા યોગા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. શહેરના ૧૮ વોર્ડમાં ૩૬ સ્થળો પર યોગા કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં શહેરના જાણીતા યોગગુરૂ ઉપસ્થિત રહી અને યોગા કરાવશે. જેની જવાબદારી વિધાનસભાવાઈઝ જીતુભાઈ કોઠારી, કિશોરભાઈ રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, રાજુભાઈ બોરીચા અને કીરણબેન માકડીયા સંભાળી રહયા છે.

### તમામ વોર્ડમાં ૩૬ સ્થળો પર યોગા, ૯૯૧ બુથ, ૩૯૭ શકિત કેન્દ્રોમાં ડો.શ્યામા પ્રસાદ મુખર્જીને પુષ્પાંજલી કાર્યક્રમ, મારૂ બુથ કોરોના મુકત, મારૂ બુથ રસીકરણ યુકત અભિયાનમાં કાર્યકર્તાઓ જોડાશે

ડો. શ્યામાપ્રસાદ મુખરજીના બલિદાન દિવસે સવારે ૯ કલાકે શહેર ભાજપ દ્વારા રેસકોર્ષ ખાતે આવેલ આર્ટગેલેરી ખાતે ડો. શ્યામાપ્રસાદ મુખરજીની પ્રતિમાને પુષ્પાંજલીનો કાર્યકમ યોજાશે. સવારે ૧૦ કલાકે શહેરના ૧૮ વોર્ડના ૯૯૧ બુથ અને ૩૯૭ શક્તિ કેન્દ્રોમાં ડો. શ્યામાપ્રસાદ મુખરજીને પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજાશે. સવારે ૧૧ કલાકે ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના જીવનકવન અંગે વર્ચ્યુઅલ વક્તવ્ય યોજાશે. તા.૨૫ જૂન કટોકટી દિવસ શહેરના અનેક વરીષ્ઠ આગેવાનોએ મીસા હેઠળ જેલવાસ ભોગવ્યો છે ત્યારે આવા દિવંગત આત્માના પરીવારના ઘરે જઈ શહેર ભાજપના આગેવાનો દ્વારા તેમના પરીવારજનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવશે. સાંજે ૫:૩૦ કલાકે શહેરના પ્રભારી ઝવેરીભાઈ ઠકરાર દ્વારા વર્ચ્યૂઅલ વક્તવ્ય યોજાશે. તેમજ તા.૨૫ થી લઈ તા. ૬ જુલાઈ સુધી અનેકવિધ સેવાકીય કાર્યક્રમો યોજાશે.

જેમાં શહેરના વિવિધ વિસ્તારો જેવા કે શાળા, કોલેજ, મંદીરો, સાર્વજનીક પ્લોટ, ઉદ્યોગોમાં ઘનિષ્ઠ વૃક્ષારોપણ કરવામાં આવશે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રસીકરણ જાગૃતી અભિયાન ને વેગવંતુ બનાવવા માટે ભાજપના કાર્યકર્તાઓને અનુરોધ કર્યો છે ત્યારે શહેર ભાજપની અપેક્ષીત શ્રેણીના કાર્યકર્તાઓને અનુરોધ કર્યો હતો કે વિજયભાઈ રૂપાણીએ આપેલ મંત્ર કે મારુ બુથ, કોરોના મુક્ત, મારૂ બુથ રસીકરણ યુક્ત માટે શહેર ભાજપથી લઈ પેજપ્રમુખ સુધીના કાર્યકર્તાઓને આ અભિયાન કાર્યક્રમમાં જોડવામાં આવશે. જેમા શહેરના એક લાખથી વધુ પેજપ્રમુખોને આ કામગીરીમાં જોડવામાં આવશે તેમજ આગામી દિવસોમાં કોરોના ની લહેર ન આવે અને લોકોમાં જાગૃતી લાવવા માટે રાષ્ટ્રીયકક્ષાએ થી સ્વાસ્થ્ય સ્વયંસેવકોની ટીમ બનાવવાનુ નકક કરવામા આવેલ છે તે અંતર્ગત રાજકોટ મહાનગરમાં કીશોરભાઈ રાઠોડ, અતુલભાઈ પંડયા અને જશુમતીબેન વસાણીને જવાબદારી સોંપવામાં આવેલ છે. તેમજ સંગઠન સંરચના બાદ સૌરાષ્ટ્રભરના પ્રભારી વિનોદભાઈ ચાવડા અને શહેરના પ્રભારી ઝવેરીભાઈ ઠકરારના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરની વર્ચ્યૂઅલ કારોબારી બેઠક અને ત્યારબાદ મંડલ કક્ષાએ કારોબારી બેઠક યોજવામાં આવશે અને સંગઠન સંરચના અંતર્ગત વોર્ડથી લઈ બુથ સુધીના માળખાઓની રચના કરી તબકકાવાર વર્ચ્યુઅલ પ્રશિક્ષણ વર્ગો યોજાશે અને ઉપરોક્ત કાર્યક્રમો સફળ બને તે માટે વોર્ડ સંકલન સમિતિથી લઈ શહેર સંકલન સમિતિ સુધી રચના હાથ ધરવામાં આવશે.

આ બેઠકનું સંચાલન શહેર ભાજપ મહામંત્રી જીતુભાઈ કોઠારીએ, વ્યવસ્થા કિશોરભાઈ રાઠોડે તેમજ સાંઘિક ગીત અતુલ પંડિતે તેમજ અંતમાં આભારવિધિ શહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુરે કરેલ હતી.તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમની જવાબદારી ડો. પ્રદિપ ડવ તથા પુષ્કર પટેલને જવાબદારી સોંપવામાં આવેલ. આ બેઠકમાં પ્રદેશના હોદેદારો, શહેર ભાજપના હોદેદારો, વોર્ડ પ્રમુખ, મહામંત્રી, પ્રભારીઓ, મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ તેમજ કોર્પોરેટરો, શિક્ષણ સમિતિના સદસ્યો ઉપસ્થિત રહયા હતા. આ બેઠકને સફળ બનાવવા શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ, શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષી સહીતના એ જહેમત ઉઠાવી હતી.

---

**અન્નપૂર્ણા કિટ વિતરણ પ્રોજેક્ટ અંતર્ગત**

# વિવેકાનંદ યુથ કલબ દ્વારા આવતીકાલે રાશન કિટનું વિતરણ

### શહેરના અલગ-અલગ વિસ્તારોમાં કચરો વીણી ગુજરાન ચલાવતી ૧૦૦ બહેનોને અન્નપૂર્ણા કીટ અપાશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

શહેરની જાણીતી સેવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબ દ્વારા સમાજ પર આવી પડેલ કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિમાં અસંખ્ય પરિવારો તૂટી ગયા છે જેમને પરિવારમાં કોઈ કામવાડું નથી રોજે રોજનું કમાંઈ ખાનાર પારકા કામ કરતા બહેનોનો જરૂરતમંદ પરિવારોને ૧૨ વસ્તુઓની વિનામુલ્યે વિતરણ કરવાનો અન્નપૂણા કીટ વિતરણ પ્રોજેક્ટ શરુ કરેલ છે જે અંતર્ગત પ્રથમ તબકામાં ૧૦૦ વિધવા બહેનોને રાશન કીટનું વિતરણ કરવામાં આવેલ અન્પૂર્ણા કીટ વિતરણ પ્રોજેક્ટના બીજા તાબકામાં શહેરના વહેલી સવારે અલગ અલગ વિસ્તારોમાં ફરીને કચરો વીણવાનું કાર્ય કરી પરિવારને સહાયરૂપ થયા ૧૦૦ કિમતની,ઉંઘનો લોટ, ચોખા, તેલ, ખીચડી, ખંડ, ચા, ગોળ, મમરા, મીઠું, હળદર, મરચું, ધાણાજીરું સહિતની ૧૨ વસ્તુઓની બનાવેલી અન્નપૂર્ણાના કીટનું વિતરણ કોરોના ગાઈડ લાઈનના નિયમોનું સંપૂર્ણપણે પાલન કરીને કરવામાં આવશે આ પ્રસંગે સમાજ જીવનના વિવિધ શેત્રના મહાનાભાઓ જાણીતા ઉદ્યોગપતિ વલ્લભભાઇ સતાણી, ઈન્ટીરીયર ડીઝાઈનર હરેશભાઈ પરમાર, જૈન શ્રેષ્ઠી અનિશભાઇ વાઘર,માટે વણિક સમાજના અગ્રણી કિરીટભાઇ સી.પટેલ, પંકજભાઈ રાઠોડ, રઘુવંસી અગ્રણી યોગેશભાઈ જસાણી, નાગરિક બેન્કના ડીરેક્ટર ડો.માધવભાઈ દવે, કોઠારી લેબોરેટરીના મેનેજીંગ ટ્રસ્ટી રમણીકભાઈ જસાની, સેવાભાઈ સ્વજન બીમલભાઈ કલ્યાણી, યુવા કેળવણીકર શૈલેષભાઈ જાની, અવધુત ક્રેડીટ સોસાયટીના પ્રવીણભાઈ નિમાવત, ધારેસૂર મંદિર ટ્રસ્ટના પ્રમુખ મનુભાઈ મારૂ સહિતના સ્વજનો વશેષ ઉપસ્થિત રહેશે અનપૂર્ણ કીટ વિતરણ પ્રોજેક્ટમાં સંસ્થાના માર્ગદર્સકો ઉપેનભાઈ મોદી, મુકેશભાઈ દોશી, કિરીટભાઈ આદ્રોસ સુનીલભાઈ મહેતા, હસમુખભાઈ સારદા, રાકેશભાઈ ભલાળા, હરદેવસિહ જાડેજા વગેરેનો સહયોગ મળી રહેલ છે અનપૂર્ણ કીટ વિતરણના આ સેવાકાર્યો સહેરીજનોને એક કીટથી લઈને પોતાની અનુકુળતા મુજબ કીટ લઇ આપીને આર્થીક સહયોગ આપવા જાહેર અખલ સહ વિનતી છે. વિશેષ માહિતી, પૂછપરછ માટે સંસ્થાના અનુપમ દોશી (૯૪૨૮૨ ૩૩૭૯૬) નો સંપર્ક સાધવા જણાવ્યું છે સમગ્ર આયોજન સફળતા માટે અનુપમ દોશી, હસુભાઈ શાહ, સુનીલ વોરા, નીલેશ તના, રમેશ શીશાગીયા, જયેન્દ્રભાઈ મહેતા, નયન ગંધા વગેરે કાર્યરત છે.

---

**ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશન દ્વારા**

# અમરેલી યુથ વિંગ સીટી ઈન્ચાર્જ તરીકે સરફરાઝ નગરિયા અને સેક્રેટરી પદે અસ્ફાક ધાનાણીની વરણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૧૮

ઓલ ઇન્ડિયા મેમણ જમાત ફેડરેશન પ્રમુખ ઈકબાલ મેમણ ઓફિસર દ્વારા સૌરાષ્ટ્ર ના મેમણ યુવાનો ફેડરેશન સાથે જોડાય ને ફેડરેશન અને તેમની લોકલ જમાતની પ્રવૃત્તિમાં રસ લઇને આગળ આવે તે હેતુથી માર્ચ ૨૦૧૮ માં સૌરાષ્ટ્રમાં યુથ વિંગની સ્થાપના કરવામાં આવી. અત્યારે સુધી અજીમ લાખાણી સિટી ઇન્ચાર્જ પદે કાર્યરત અને અજીમ લાખાણીને સૌરાષ્ટ્ર ઝોન કો-ઓડીનેટરની જવાબદારી સોંપવામાં આવેલ તેથી અમરેલીના સિટી ઇન્ચાર્જ અને સેક્રેટરીની વરણી કરવામાં આવી. સૌરાષ્ટ્ર યુથ વિંગ મજબૂત બને તે હેતુથી ઓલ ઇન્ડિયા મેમણ જમાત પ્રમુખ ઈકબાલ મેમણ ઓફિસર અને યુથ વિંગના ચેરમેન ઇમરાન ફુટવાળાની મંજુરીથી અને સૌરાષ્ટ્ર ઝોનના યુથ વિંગ કન્વીનર યાસીન ડેડા અને સૌરાષ્ટ્ર ઝોનના ઉપપ્રમુખ યુનુસભાઇ દેરડીવાલાથી ચર્ચા કરીને અમરેલીના યુથ વિંગ સીટી ઇન્ચાર્જ તરિકે સરફરાઝ નગરિયા સેક્રેટરી પદે અસ્ફાક ધાનાણી વરણી કરવામાં આવી હતી. સૌરાષ્ટ્ર ઝોન યુથ કો-ઓડીનેટર અજીમ લાખાણીએ અનુરોધ કર્યો કે સૌરાષ્ટ્ર અને અમરેલીમાં વધુ માં વધુ યુવાનો જોડાય તેવું આહવાન કરેલ હતી.

આ નિમણુકને ફેડરેશનના પ્રમુખ ઈકબાલ મેમણ ઓફિસર યુથ વિંગ ચેરમેન ઇમરાનભાઈ ફુટવાળા,સૌરાષ્ટ્ર યુથ વિંગ કન્વીનર યાસીન ડેડા, સૌરાષ્ટ્ર ઝોનના ઉપપ્રમુખ યુનુસભાઇ દેરડીવાલા, સૌરાષ્ટ્ર ઝોન યુથ કો-ઓડીનેટર અજીમ લાખાણી,સૌરાષ્ટ્ર ઝોન યુથ સેક્રેટરી આદિલ દોલા દ્વારા આવકારેલ છે.

---

# ઓખા-એર્નાકુલમ અને ઓખા-રામેશ્વરમ ફેસ્ટીવલ સ્પે.ટ્રેનો લંબાવાઈ

**લંબાવેલ ટ્રેનોનું આજથી ટિકિટ બુકિંગ શરૂ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

મુસાફરોની સુવિધા માટે રેલવેને ઓખા- એર્નાકુલમ અને ઓખા-રામેશ્વરમ્ની વચ્ચે ચાલનારી સ્પેશ્યલ ટ્રેનનાં ફેરા લંબાવવા નિર્ણય લીધો છે. રાજકોટ ડિવિઝનના સિનીયર ડી.સી.એમ અભિનવ જેફનાં મતે આ સ્પેશ્યલ ટ્રેનોની વિગત નીચે મુજબ છે.

ટ્રેન નં. ૦૬૩૩૭ ઓખા-એર્નાકુલમ જંકશન સ્પેશ્યલ ટ્રેનનાં ફેરા લંબાવવામાં આવ્યા છે. અ ટ્રેન ૬ જુલાઈ ૨૦૨૧ થી ૯ નવેમ્બર, ૨૦૨૧ સુધી દરેક મંગળવારે ચાલશે. તેવી જ રીતે ટ્રેન નં. ૦૬૭૩૩ રામેશ્વર-ઓખા સ્પેશ્યલ ટ્રેનનાં ફેરા લંબાવવામાં આવ્યા છે. આ ટ્રેન ૨ જુલાઈ, ૨૦૨૧ થી ૫ નવેમ્બર, ૨૦૨૧ સુધી દરેક શુક્રવારે ચાલશે. ટ્રેન નં. ૦૬૭૩૪ ઓખા-રામેશ્વર સ્પેશ્યલ ટ્રેનનાં ફેરા લંબાવામાં આવ્યા છે. આ ટ્રેન ૬ જુલાઈ, ૨૦૨૧ થી ૯ નવેમ્બર, ૨૦૨૧ સુધી દરેક મંગળવારે ચાલશે. તેવી જ રીતે ટ્રેન નં. ૦૬૭૩૩ રામેશ્વરમ-ઓખા સ્પેશ્યલ ટ્રેનનાં પણ ફેરા લંબાવવામાં આવ્યા છે. આ ટ્રેન ૨ જુલાઈ, ૨૦૨૧ થી ૫ નવેમ્બર, ૨૦૨૧ સુધી દરેક શુક્રવારે ચાલશે.

ટ્રેન નં. ૦૬૩૩૭ અને ૦૬૭૩૪ નાં લંબાવેલા ફેરાની ટીકીટ બુકિંગ આજથી નક્કી કરેલાથી આર.એસ કાઉન્ટરો અને આઈ.આર. સીટીસીવી વેબસાઈટ પર શરુ થશે. આ ટ્રેનો વિશેષ ભાડા સાથે આરક્ષિત રૂપથી ચાલશે. વિશેષ ટ્રેનનાં સ્ટોપ માટે મુસાફરે www. enquiry. indianrail.gov.in માં જઈને જોઈ શકો છો.

નોંધનીય છે કે પુષ્ટિવાળી ટીકીટવાળા મુસાફરોને જ આ વિશેષ ટ્રેનોમાં મુસાફરી કરવાની છૂટ રહેશે. પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોને બોર્ડીંગ, યાત્રા અને ગંતવ્ય દરમિયાન કોવિડ-૧૯ ની ગાઈડલાઈનનું પાલન કરવાનો અનુરોધ કર્યો છે.

---

# પ્રજાપતિ સમાજનું ગૌરવ ડો.કિંજલ વધારતી

**M.D microbiology માં સારા માર્કર્સ સાથે ઉતીર્ણ એમ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૧૮

ભદ્રાવડી વાળા રમેશભાઈ ત્રિકમભાઈ ચૌહાણની દીકરી અને રાજકોટ નિવાસી ગુણવંતભાઈ રામજી મકવાણાની પુત્રવધુ ડો.કિંજલ પી.મકવાણા(M.D) એ હાલમા જામનગર જી.જી હોસ્પિટલ ખાતે M.D microbiology ની પરીક્ષા ખુબ સારા માર્ક્સ સાથે પાસ કરી એમ.ડી ની ડીગ્રી પ્રાપ્ત કરી ને બન્ને પરિવાર તેમજ પ્રજાપતિ સમાજનુ ગૌરવ વધારવા બદલ Dr.kinjal(M.D) ને ખુબ ખુબ અભિનંદન.



---

**અખિલ ભારતીય હિન્દુ મહાસભા દ્વારા**

# શહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુરનું સન્માન કરાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**


રાજકોટ, તા.૧૮

અખિલ ભારતીય હિન્દુ મહાસભાના ગુજરાત પ્રદેશ પ્રમુખ શૈલેન્દ્રસિંહ પરિહાર દ્વારા નરેન્દ્રસિંહ ઠાકુરને રાજકોટ શહેર ભાજપ મહામંત્રી બનવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા આ તકે અખિલ ભારતીય હિન્દુ મહાસભાના તમામ હોદેદારો હાજર રહ્યા હતા. પોતાના સ્વાગત પ્રવચનમાં પ્રદેશ પ્રમુખ શૈલેન્દ્રસિંહ પરિહારે જણવ્યું હતું કે હિન્દુ મહાસભાના મુખ્ય સુત્ર નજાતપાતની છોડો લડાઈ, હિન્દુ-હિન્દુ ભાઈ-ભાઈનું છે. ભારતીય જનતા પાટીએ નરેન્દ્રસિંહ ઠાકુરને મહામંત્રી બનાવ્યા એ બદલ ભાજપ પ્રમુખ અને પાટીને પણ અમારી ટીમ વતી અમે સ્વાગત સહ અભિનંદન કરીએ છીએ. સ્વાગત કાર્યક્રમનું સંચાલન અશોક યાદવ દ્વારા કરવામાં આવ્યું હતું.

---

# ‘બાળ કેળવણીની અનિવાર્યતા’ પર ડો.પાર્થેશ પંડયાનું વકતવ્ય

**ગુજરાતના શિક્ષણ જગતના ઘડતર સાથે અનુભવો રજૂ કરશે**



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

ભાવનગર,તા.૧૮

ગુજરાતી વાચક વિદ્યાર્થીઓ માટે સાહસિક વાર્તાઓ આપનાર કેળવણીકાર મૂળશંકર મો. ભટ્ટની સ્મૃતિમાં બાળ કેળવણીકાર ડો.પાર્થેશ પંડયા શહેરના શિક્ષકોને માર્ગદર્શન આપશે.

શિશુવહાર પ્રાંગણમાં તા.૨૬ જુન સવારે ૧૧-૩૦ કલાક યોજાનાર આંગણવાડી તાલીમના ઉદ્ઘાટન બાદ ડો.પંડયા ગુજરાતના શિક્ષણ જગતના ઘડતર સાથે પોતાના અનુભવો શિક્ષકો પાસે રજૂ કરશે. કોરોના સ્થિતિની સ્થગિતતા વચ્ચે ઘરેથી મા-બાપ દ્વારા બાળ કેળવણીને પ્રાધાન્ય આપવાની અનિવાર્યતા વિકસી છે. ત્યારે વાલી માતા-પિતા અને શિક્ષકો માટે વિશેષતા અનુભવ જન્ય વિચારો રજૂ કરાશે. વર્ષ ૨૦૦૨ થી પ્રારંભાયેલ મૂળશંકર મો. ભટ્ટ વ્યાખ્યાનમાળાના ૧૯ની વિચાર ગોષ્ઠિનું અધ્યક્ષ સ્થાન ભાવનગર યુનિવર્સિટી શિક્ષણ વિભાગના અધ્યક્ષ પ્રો. ડો.જયંતભાઈ વ્યાસ શોભાવશે. ભાવનગરના શિક્ષણ રસિક નાગરિકોને કાર્યક્રમોમાં પધારવા હાર્દિક નિમંત્રણ છે.

---

# જસદણમાં વીજ પ્રવાહ વધી જતાં ગ્રાહકોના વીજ ઉપકરણો બળી ગયા

**ગ્રાહકોને થયેલ નુકશાની ભરપાઈ કરવા માંગણી**

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

જસદણ, તા.૧૮

જસદણમાં આજે ચિતળિયા કુવા રોડ સહિત કેટલાક વિસ્તારોના ઘરો દુકાનોમાં અચાનક વીજ પ્રવાહમાં વધારો થતાં મોટા ભાગના ઘરો દુકાનોમાં ટીવી, ફ્રીઝ, વોટર ફિલ્ટર, ઇલે.મોટર જેવાં વીજ ઉપકરણોને લાખો રૂપિયાનું નુકશાન થયું હતું. પી.જી.વી.સી.એલ સામાન્ય ગ્રાહક પાસે રૂપિયા પાંચ હજારનું બિલ બાકી હોય તો તાલિબાની ઉઘરાણી શરૂ કરે છે. ત્યારે આજે ગ્રાહકોના લાખો રૂપિયાના વીજ ઉપકરણો બળી ગયાં તે વીજ કંપની આપશે ખરી? આ બાબતે ગ્રાહકોની વ્હારે રાજકીય નેતાઓ આવશે ખરાં? વીજ પ્રવાહ વધી ગયો તે જવાબદાર સામે પગલાં અને વીજ ગ્રાહકોને થયેલ નુકશાની ભરપાય કરે એવી માંગણી ઊઠવા પામી છે.



---

**૭ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે**

# દેશની તમામ પોસ્ટ ઓફિસ ખાતે વિશેષ રદ્દ સ્ટેમ્પ રજૂ થશે

**રાજકોટ હેડ પોસ્ટ ઓફિસ ખાતે સવારના ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮


ભારતીય ટપાલ વિભાગ દ્વારા વિશ્વ યોગ દિવસના ઉદ્દેશ સાથે એક વિશેષ રદ્દ સ્ટેમ્પને સમગ્ર ભારતની પ્રજા સમક્ષ અવગત કરાવવા જઈ રહયું છે. એક દિવસ માટે જ રાજકોટ હેડ પોસ્ટ ઓફિસ ખાતે સવારના ૧૦ થી સાંજના ૬ વાગ્યા દરમિયાન ઉપલબ્ધ રહેશે.

આ ઉજવણી અંતર્ગત ભારતીય ટપાલ વિભાગ તેની વિશેષ રદ્દ સ્ટેમ્પ ભારતની ૮૧૦ હેડ પોસ્ટ ઓફિસો દ્વારા સમગ્ર ભારતમાં રજુ કરવા જઈ રહયું છે. આ ઉજવણી અત્યાર સુધીની સૌથી મોટી ફિલાટેનિક ઉજવણીઓમાની એક ઉજવણી બની રહેશે. તમામ હેડ પોસ્ટ ઓફિસોમાં એ દિવસે બુકિંગ થયેલ તમામ ટપાલોમાં આ વિશેષ રદ્દ સ્ટેમ્પની છાપ લગાવાશે. આ વિશેષ રદ્દ સ્ટેમ્પની આકૃતિમાં હિન્દી અને ઈંગ્લીશ એમ બન્ને ભાષામાં લખાયેલા ગ્રાફિક સાથે રજુ થશે. આવા રદ્દ થયેલા સ્ટેમ્પ સંગ્રહ યોગ્ય હોય છે. અને ફિલાટેલિક વિષયના અભ્યાસ અર્થે પણ ખૂબ ઉપયોગી છે.

ફિલાટેલીક બ્યૂરો અને હેડ પોસ્ટ ઓફિસમાંથી અથવા તો ફિલાટેલીક ડિપોઝીટ ખાતા દ્વારા સરળતાથી ઉપલબ્ધ થઈ શકે છે. આવા વિશેષ સ્ટેમ્પ અને કવર ખૂબ જ મર્યાદિત માત્રામાં છાપવામાં આવે છે. સ્ટેમ્પના સંગ્રહના શોખ- કલાને પુનઃજીવીત કરવા માટે ભારતીય ટપાલ વિભાગ આ વિશેષ રદ્દ સ્ટેમ્પ રજુ કરવા જઈ રહયું છે. કોઈપણ વ્યક્તિ રૂપિયા ૨૦૦ ભરીને દેશની કોઈપણ હેડ પોસ્ટ ઓફિસમાં ફિલાટેલીક ડિપોઝીટ ખાતુ સરળતાથી ખોલી શકે છે, અને તેના દ્વારા વિવિધ પ્રકારના વિશેષ સ્ટેમ્પ અને કવર સરળતાથી મેળવી શકે છે. તેમ પોસ્ટ ઓફિસના સીનીયર પોસ્ટ માસ્તરએ અખબારી યાદીમાં જણાવ્યું છે.(૧.૪)

Dt.18-06-2021 8
શુક્રવાર
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# ડી.કે.એન્ટરપ્રાઈઝ (અમૂલ પાર્લર) ની એજન્સીને સસ્પેન્ડ, પુરવઠો સ્થગિત




### ફૂડ શાખા દ્વારા જ ખાદ્યચીજોનાં નમુના લેવાયા, ફીનીક્ષ આઈસ્ક્રીમ, નટચોકો લાઈવ આઈસ્ક્રીમનો નમુનો સબસ્ટાન્ડર્ડ જાહેર, દૂધ વિતરણ કરતા વેપારીઓને વેક્સિનેસની સુચના

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮

રાજકોટ મહાનગરપાલિકાની ફુડ વિભાગની ટીમ દ્વારા જાહેરજનતાના આરોગ્ય હિતાર્થે રાજકોટ શહેરની જાહેર જનતાને ભેળસેળ રહિત આરોગ્યપ્રદ ખાદ્યપદાર્થો મળી રહે તે હેતુથી નમુના લેવાની કામગીરી કરવામાં આવેલ આવી હતી. જેમાં જે વેપારીઓને ત્યાંથી નમૂના લેવામાં આવેલ છે તેમાં (1) Ram Gold Toor Dal (from 25 kg pkd), સ્થળ: નેક્સસ ટ્રેડીંગ કં, ૫/૧ લાતી પ્લોટ, કુવાડવા રોડ (૨) 11 Double One Moong Mogar (from 30 kg pkd bag), સ્થળ:- નેક્સસ ટ્રેડીંગ કં, ૫/૧ લાતી પ્લોટ, કુવાડવા રોડ (૩) રાધેઆઇસ્ક્રીમ (from 5 ltr pkd), સ્થળ:- મોવિયા માવા કેન્ડી એન્ડ આઇસ્ક્રીમ, પેડક રોડ (૪) મગ છડી દાળ, સ્થળ:- ખોડીયાર પ્રોવિઝન સ્ટોર, મારૂતિ નગર નો સમાવેશ થાય છે. જયારે મોરબી રોડ પર ફીનીક્ષ એજન્સીની

(અનુ.પાના નં.૪ ઉપર)

# 'અમને કેમ પુછતા નથી' અધિકારીઓને ખખડાવી નાખતા મેયર

### સોમવારથી ગાંધી મ્યુઝીયમ ખુલશે; ઓવરબ્રિજના કામો ઝડપી બનાવાશે; ૫૦૦૦ ટ્રી ગાર્ડનો ટેન્ડર બહાર પડાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ ૧૮

રાજકોટમાં વિકાસ કાર્યોને ઝડપી બનાવવા માટે મેયર અને મ્યુનિસીપલ કમિશનરની બેઠક મળી હતી.આ બેઠકમાં જુદા જુદા ઓવરબ્રિજોના કામો ઝડપી કરવા માટે એજન્સીઓને સૂચનો આપી નવા ડાયવર્સનના કામો શરૂ કરાયા છે. ગાર્ડન શાખાના એક તરફી નિર્ણયને પગલે અધિકારીને અમને કેમ પૂછતાં નથી? કહી મેયર પ્રદીપ ડવે ખખડાવી નાખ્યા હતા

મનપાની બેઠકમાં મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે કોરોનાનો ગ્રાફ ઘટ્તા સોમવારથી ગાંધી મ્યુઝીયમ પ્રજા માટે ખુલ્લું મુકાશે.કોરોનાની ગાઈડલાઈનનું લોકોએ ચુસ્ત પણે પાલન કરવું પડશે.આ ઉપરાંત કેકેવી ચોકના ઓવરબ્રિજનું કામ ઝડપી બનાવાશે, ફોર વ્હીલ માટે વનવે જાહેર કરાશે, માત્ર ટુ વ્હીલ જ અવર જવર કરી શકશે. જ્યારે કટારીયા ચોકડી પાસેના હાઈવેનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

જ્યારે મેયર પ્રદીપ ડવે જણાવ્યું હતું કે રાજકોટ શહેરને ગ્રીન સીટી બનાવવા માટે ૫૦૦૦ ટ્રી ગાર્ડન બનાવવા માટેનો ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

૧૩ કિલો વજન ધરાવતું અને ૪૪ સે.મી ઉંચાઈ ધરાવતું પાંજરું બનશે.આ પાંજરા કોર્પોરેટર દીઠ ૭૫ અપાશે. જયારે સોસાયટીને ૧૦પાંજરા અપાશે. આ ઉપરાંત આગામી સમયમાં અર્બન ડેવલોપમેન્ટ માટે ૬૦,૦૦૦ પાંજરા , કોલેજ તથા સોસાયટી માટે ૪૦,૦૦૦ એમ કુલ ૧ લાખ ટ્રી ગાર્ડ બનવવાનો ઓર્ડર અપાશે.

### યુવા માળખાને જોમવંતુ બનાવવા વય મર્યાદાનો નિયમ લાગુ

# વિધાનસભાની ચૂંટણીમાં કદાવર નેતા કદ પ્રમાણે વેતરાશે?

### કેન્દ્રીય નેતાગીરી પાટીલભાઉની થિયરીથી પ્રભાવિત : સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ત્રણ ટર્મથી વધુ વખત ચૂંટાતા ઉમેદવારોને ટિકિટ ન આપવા નિર્ણય લેવાયો હતો, સાથે-સાથે વય મર્યાદા પણ ૫ વર્ષથી વધુ નહીં તેવો માપદંડ નક્કી કરાયો હતો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮

પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલે પક્ષી માળખાઓમાં પ્રાણ પુરવા કેટલાક આકરા નિર્ણયો કરી જુના જોગીઓને નારાજ કર્યા છે. તો નવા આંગતુકો માટે ઉત્સાહ સંચાર કર્યો છે. ગત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ત્રણ ટર્મથી વધુ વખત ચૂંટાતા ઉમેદવારોને ટીકીટ ન આપવા નિર્ણય લેવાયો હતો. સાથે-સાથે વય મર્યાદા પણ ૫ વર્ષથી વધુ નહીં તેવો માપદંડ નક્કી કરાયો હતો. જેથી જુના જોગીઓ નારાજ થયા હતા. તેમજ નવા લોકોને ચાન્સ મળતા પક્ષીય માળખામાં પ્રાણ પુરાતો હતો. ત્યારે પ્રદેશ મવડી મંડળે વધુ એક કડક નિર્ણય જાહેર કર્યો છે કે યુવા ભાજપ પાંખમાં ૩૫ વર્ષથી વધુની ઉમરનાં લોકોને સ્થાન આપવું નહીં. તેમજ આવા લોકોને સ્વૈચ્છિક રાજીનામું આપી દે છે. કહેલ મોકલી દેવામાં આવ્યું હતું. તેને પગલે રાજકોટ શહેર ભાજપનાં પ્રમુખ અને મંત્રી બંનેએ પોતાના રાજીનામા શહેર પ્રમુખને સોંપી દીધા છે. નવા માપ દંડથી પક્ષ માટે જાત ઘસી નાખવામાં કચવાટ ફેલાયો છે. સાથે-સાથે પક્ષમાં નવ લોહિયાને ઉજળી તકોમળી રહી છે. પક્ષીય માળખામાં સમારકામની થીયરી જો હજુ લાંબી ચાલશે તો અગામી સમયમાં વિધાનસભા ચૂંટણીમાં જુના જોગી ધારાસભ્યો પર સર્જીકલ સ્ટ્રાઈક થઇ શકે છે. આ વિચાર માત્રથી ઉમર અને રીપીટની થીયરી લાગુ પડતા ઉમેદવારોએ પોતાના રાજકીય વારસ દારોને આગળ માંડ્યા છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સતાધારી પક્ષ સામે અનેક વિપરીત પરિબળો હોવા છતાં રાજ્યભરમાં ભાજપને ભારે સફળતા મળી હતી. આ જબ્બરદસ્ત સફળતા માટે સંપૂર્ણ યશ પ્રદેશ પ્રમુખ સી.અર.પાટીલને મળ્યો હતો. ટીકીટની ફાળવણી નક્કી કરેલા કડક માપદંડો પક્ષમાં નવું જોમ પુરાયું હતું. જુના જોગીઓનો ગણગણાટ કાને લેવાને બદલે પોતાના મનનું ધાર્યું કર્યું હતું. તેમની થીયરીની રીપીટ અને ઉમર મર્યાદા ભારે કામ કરી ગઈ હતી. પક્ષીય માળખામાં પણ ધીમે-ધીમે આ સુધારો ચાલુ કર્યો છે અને યુવા પાંખમાં ૩૫ વર્ષથી વધુ ઉમરવાળાને ફરજીયાત નિવૃત્તિ આપી છે. પ્રમુખનાં કડવા ઘૂંટ મન કમને સ્વીકારવા સિવાય યુવા પાસે કોઈ વિકલ્પ નથી.

ગુજરાત રાજ્યમાં વિધાનસભા ચૂંટણી આવવાને હજુ ઘણીવાર છે. પરંતુ પ્રદેશ પ્રમુખનાં કડક તેવરથી ધારાસભ્યો વિચારતા થઇ ગયા છે અને આગામી વિધાનસભામાં જો કોઈ

(અનુ.પાના નં.૪ ઉપર)

## ડોક્ટર પર થતા હુમલાના વિરોધમાં PDU મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ કાળા વસ્ત્રો ધારણ કર્યા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**


રાજકોટ : રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ટીબી વોર્ડમાં બે દિવસ પહેલા ડોક્ટર પર થયેલા હુમલાને લઇ આજે PDU કોલેજના વિદ્યાર્થીઓએ કાળા વસ્ત્રો ધારણ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ કાળા વસ્ત્રો ધારણ કરી સુત્રોચ્ચાર કર્યા હતા અને હુમલાખોરોને

(અનુ.પાના નં.૪ ઉપર)

**ખોવાયેલ છે.**
અમારી સંસ્થાની શ્રી નવભારત એજયુકેશન ટ્રસ્ટ રાજકોટ ઇ/૨૪૬૮/ રાજકોટની અસલ એજન્ડા બુક, ઠરાવ બુક તથા અન્ય ડોકયુમેન્ટ સાથે નો બ્લેક કલરનો થેલો આરટીઓ થી સંતકબીર રોડ વચ્ચે પડી ગયેલ હોય તો ને કોઇ ને મળે તો
સંપર્ક કરવા મો.૯૯૭૯૪ ૭૦૦૬૮

# કચરાના ઢગલાની ફરીયાદનો ૪૮ કલાકે નિકાલ કરતું મનપા!

### મેયર કહે છે ૨ થી ૩ કલાક, વોર્ડ ઓફીસર કહે છે ૨૪ કલાક તો ફરીયાદ નિકાલનો ખરેખર સમય શું?




### વોર્ડ નં.૧૧ના પ્રણામી પાર્કમાં કચરાના ઢગલાની કરેલ ઓનલાઇન ફરીયાદનો બે દિવસે નિકાલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮

શહેરમાં ઠેર-ઠેર જગ્યાએ કચરાના ઢગલા નજરે ચડે છે. કોર્પોરેશનની કામગીરી સામે પણ લોકોમાં ફરીયાદ છે જ આ કચરાના ઢગલા મુદ્દે વોર્ડ ઓફીસર, સેનેટરી ઈન્સ્પેકટર હોય કે પછી કોર્પોરેટર હોય ગમે તેને પૂછતા એક જ વાત કહેવામાં આવે છે કે ફરીયાદ કરો નિકાલ થઇ જશે. લોકોના મનમાં એ પણ પ્રશ્ન ઉદભવે છે કે, આટલા મોટા કચરાના ઢગલા શું ફરીયાદ કર્યા વીના અધીકારીઓને નહીં દેખાતા હોય? જો સેનેટરી ઈન્સપેકટર, વોર્ડ ઓફીસરને વાત કરતા એવો જવાબ મળે છે કે અમારા દ્વારા કામગીરી કરવામાં આવે જ છે.

લોકો નથી સમજતા અને કોર્પોરેટરો એમ કહે છે કે, ફરીયાદ કરો નિકાલ કરાવી આપીશું. પણ ફરીયાદ કરવા છતા બે દિવસે જવાબ મળે છે તેનું શું? વોર્ડ નં.૧૧માં કચરા બાબતે વોર્ડ ઓફીસર સાથે વાત કરતા તેઓએ કહ્યું હતું કે, ઓનલાઇન કમ્પ્લેઇન કરવી જરૂરી છે. તે વાતને ધ્યાનમાં લઇને અમારા દ્વારા ઓનલાઇન કમ્પ્લેઇન તા.૧૬ને બુધવારના રોજ સવારે ફરીયાદ કરાઇ હતી. જેનો નંબર. ૨૧૦૯૮૯૨૧ છે. આ ફરીયાદનો ફોન મનપા શાખામાંથી આજે સવારે આવ્યો અને પૂછે છે કે શું ફરીયાદ હતી? પરંતુ પ્રશ્ન એ થાય છે કે આ કચરાના ઢગલાની કમ્પ્લેઇન નો નિકાલ જો બે દિવસે થતો હોય તો બાકી ફરીયાદોનો નીકાલ

(અનુ.પાના નં.૪ ઉપર)

# હોટલ પાર્ક ઈનમાં સગીરાને વેશ્યાવૃતિ માટે લાવવામાં આવી હોવાની પોલીસને દ્રઢ શંકા




### ધરપકડ કરાયેલા હોટલના મેનેજર સહિત બે દલાલોની સઘન પૂછપરછ હાથ ધરાઈ : સગીરાના મોબાઈલ અને દલાલોના મોબાઈલની પોલીસે તપાસ હાથ ધરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ,તા.૧૮

મુંબઈમાં એન.જી.ઓ.ની ટીમે રાજકોટ પોલીસને સાથે રાખી સગીરાને હોટલ પાર્કઈનના રૂમમાંથી મુક્ત કરાવ્યા બાદ હોટલમાં મહિલા અને એક પુરુષ દલાલ દ્વારા દેહવેપારની પ્રવૃત્તિ ચાલતી હોવાથી પોલીસે ગુનો દાખલ કરી હોટલના મેનેજર સહીત બે દલાલોની ધરપકડ કર્યા બાદ સગીરાને હોટલના રૂમમાં ગોંધી રાખવા પાછડ વેશ્યાવૃતિ કરવામાં આવતી હોવાની પોલીસને દ્રઢ શંકા જતા તમામના મોબાઈલની ડીટેલ ચેક કરવા અને સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે. રાજકોટ શહેર સદર બજારની પાર્કઈન હોટલમાં સંતોષ નામનો વ્યક્તિ સગીરવયની દીકરીને બહારથી લાવી અને હોટલમાં રાખેલ છે. જેથી તે બાળકીને રેસ્ક્યુ કરવાનું હોય જેથી રાજકોટ શહેરના જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી મેહુલગીર અને ગોસ્વામી તથા જીલ્લા બાળ સુરક્ષા અધિકારી મિત્સુબેન વ્યાસ તથા લીગલ ઓફિસર સમાજ સુરક્ષા ખાતાના અધિકારી અલ્પેશ ગોસ્વામી નાઓની સાથે મહિલા પોલીસ સ્ટેશન ખાતે આવી અને આ બાબતે અમોને વાકેફ કરેલ જેથી અમો તથા સ્ટાફના માણસો તથા પી.બી.એ.સી કાઉન્સેલર સાથે બજાર ખાતે આવેલા હોટલ પાર્ક ઈન ખાતે જઈ તપાસ કરતા જગ્યાએ બે પુખ્ત ઉમરની એક મહિલાને દાસભાઈ નામનો વ્યક્તિ તથા જયશ્રીબેન ટુકા સમયમાં પૈસા વાડી બનાવી દેવાની લાલચ તથા પ્રલોભન આપી રાજકોટ ખાતે બોલાવી હોટલમાં રૂમ રાખી બહારથી ગ્રાહકો બોલાવી ગ્રાહકો પાસેથી રૂ.૨૦૦૦/- લઇ અને ભોગ બનનારને રૂ.૫૦૦/- આપી શરીર સબંધ બંધાવતા હોવાની હકીકત જણાવેલ તેમજ સગીર બાળાની પૂછપરછ કરતા તે ગભરાયેલી હોઈ અને પોતાનું નામ તેમજ પોતાને અહી સંતોષ કુમાર નામનો વ્યક્તિ લાવેલ હોવાનું અને સંતોષ હાલ મથુરા ગયેલ હોવાની હકીકત

(અનુ.પાના નં.૪ ઉપર)

### સોમવારથી સૂર્ય દક્ષિણ દિશા તરફ વળશે

# સોમવારે લાંબામાં લાંબો દિવસ, રાત્રિ ટૂંકી

### ખગોળીય ઘટનાનો લાભ લેવા જાથાની અપીલ

અમદાવાદ, તા.૧૮

સૂર્યનો ક્રાંતિવૃત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. આગામી તા. ૨૧ને સોમવારે લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે. આ ખગોળીય ઘટનાનો લાભ લેવા જાથાએ લોકોને અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે. તેના કારણે તા. ૨૧ મીએ લાંબામાં લાંબો એટલે કે રાજકોટમાં દિવસ ૧૩ કલાક ૨૮ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૨ મિનિટ રહેશે.

તા. ૨૨ મી જુનથી ક્રમિક રીતે દિવસ સેકન્ડના તફાવતે પ્રમાણે ક્રમશઃ ટૂંકો અને રાત્રિ લાંબી થતી જોવા મળશે. ભારતમાં સૂર્યોદય-સૂર્યાસ્ત પ્રમાણે વિવિધ સ્થળોએ સેકન્ડ-મિનિટના તફાવતથી ફેરફાર દિવસ-રાત્રિ જોવા મળશે. વધુમાં જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ૨૧ મી જુન પછી સૂર્ય દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણાયાન કહેવામાં આવે છે. દિવસ-રાતની લંબાઈ ચંદ્રની દિશા ગતિ અને સૂર્ય તરફ પૃથ્વીનો ઝુકાવ અને સૂર્યને પરિભ્રમણ ગતિ વગેરે પરિબળો પર આધારિત હોય છે જે સતત બદલાતા રહે છે.

# કોઠારીયા પાસે હિટ એન્ડ રનની ઘટનામાં પતિની નજર સામે પત્નીનું મોત

### રિબડા પાસે કારખાનામાં કામ પુરૂ કરી ઘર પરત ફરતી વેળાએ અકસ્માત સર્જાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮

રાજકોટ - ગોંડલ હાઈવે પર વાસુકી મોટર્સના શો રૂમ પાસે રોડ ક્રોસ કરતા દંપતી સહિત ચારને અજાણ્યા ફોર વ્હીલ ચાલક હડફેટે લઈ નાશી છુટ્તા પતિની નજર સામે જ પત્નીનું મોત નીપજ્યું હતું.જ્યારે પતિ સહિત ત્રણને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.આજીડેમ પોલોસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અકસ્માતના બનાવ અંગે કોઠારીયા સોલ્વન્ટની સીતારામ સોસાયટીમાં રહેતા મયુરભાઈ લખુભાઈ ડેર ( ઉ.વ ૨૭ ) એ આજીડેમ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા કાર ચાલક સામે પત્ની કાજલનું મોત અને ત્રણ લોકોને ઇજા કર્યા અંગેની ફરિયાદ નોંધાવી છે.પી.આઈ વી.જે.ચાવડાએ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઇજાગ્રસ્ત મયુરભાઈ ડેરે ફરિયાદમાં જણાવ્યું છે કે પત્ની કાજલબેન ડેર ( ઉ.વ ૨૫ ), મામજીના દીકરા હિતેશ ભુપત ગુગાણી ( ઉ.વ ૨૩ ) , તેની પત્ની સુરભી સાથે રિબળા ગામે કારખાનામાં મજુરીકામ અર્થે ગયા હતા. સાંજે વરસાદના કારણે રીક્ષા કરી કોઠારીયા સોલ્વન્ટ પાસે મોર્ટસના શો રૂમ પાસે ઉતરી ગયા હતા. રોડ ક્રોસ કરતી સમયે અજાણ્યા ફોર વ્હીલના ચાલકે ત્રણેયને હડફેટે લઈ નાશી છૂટયો હતો.જેમાં ગંભીર રીતે ઘવાયેલા કાજલ ડેરને માથા - શરીરના ભાગે ગંભીર ઇજાના કારણે મોત નીપજ્યું હતું.જ્યારે ઇજાગ્રસ્ત દંપતી સહિત ત્રણ લોકોને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગેની જાણ થતાં પી.આઈ વી.જે.ચાવડા સહિત પોલીસ સ્ટાફે ઘટના સ્થળે દોડી ગયો હતો. મહિલાના મૃતદેહને પી.એમ અર્થે ખસેડાયો હતો.આહીર દંપતીના પાંચ વર્ષ પૂર્વે જ લગ્ન થયા હતા.

**સોનલ કેટરર્સ**
શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ
બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.

૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ
સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯,
૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮
લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.
સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.